RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 366 Dt. 11-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# પશ્ચિમ એશિયામાં ગમે ત્યારે ભડકો !

## ટ્રમ્પે ઈરાન સાથેનો યુદ્ધવિરામ સત્તાવાર રીતે ખતમ કર્યોઃ મહાયુદ્ધના એંધાણ



નવી દિલ્હી, તા.૧૦

અમેરિકા અને ઈરાન વચ્ચે વર્ષોથી ચાલતી આવતી દુશ્મનાવટ હવે એક અત્યંત ભયજનક વળાંક પર આવીને ઊભી છે. પશ્ચિમ એશિયામાં હાલમાં તણાવ તેની ચરમસીમાએ પહોંચી ગયો છે અને ગમે ત્યારે ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી શકે તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ વૈશ્વિક ટેન્શન વચ્ચે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી અને ચોંકાવનારી જાહેરાત કરી છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચે જે કામચલાઉ શાંતિ કરાર કે યુદ્ધવિરામ ચાલી રહ્યો હતો, તે હવે સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયો છે. જોકે, તેમણે એક મોટો દાવો એ પણ કર્યો છે કે ઈરાન અત્યારે ભયભીત છે અને તે અમેરિકા સાથે વાટાઘાટો કરવા ઈચ્છે છે, જેના માટે અમેરિકા પણ ખુલ્લા મને તૈયાર છે.

પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક સત્તાવાર પોસ્ટ શેર કરતા ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું હતું કે, ''ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાને અમારી સાથે શાંતિ મંત્રણા અને વાતચીત ચાલુ રાખવા માટે વિનંતી કરી છે. અમે તેમની આ વાત સાથે સહમત છીએ, પરંતુ અમે તેમને કોઈ પણ જાતની શેહશરમ વિના સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે આપણી વચ્ચેનો યુદ્ધવિરામ હવે ખતમ થઈ ગયો છે.'' અગત્યની વાત એ છે કે, ટ્રમ્પે પોતાની આ પોસ્ટને સત્તાવાર રૂપ આપવા માટે નીચે પોતાના હસ્તાક્ષર પણ કર્યા છે.

આ વૈશ્વિક તણાવ પાછળનું મુખ્ય કારણ ઈરાન દ્વારા કરવામાં આવેલો કરાર ભંગ છે. હકીકતમાં, થોડા સમય પહેલાં જ બંને દેશો વચ્ચે એક કામચલાઉ શાંતિ કરાર પર સહમતિ સધાઈ હતી. આ કરારની મુખ્ય શરત એ હતી કે ઈરાને દરિયાઈ માર્ગે વેપાર અર્થે જતા આંતરરાષ્ટ્રીય વહાણો અને જહાજો પર હુમલા રોકવાના રહેશે. પરંતુ, ઈરાન પોતાની હરકતોથી બાજ ન આવ્યું અને છેલ્લા થોડા દિવસોથી તેણે ફરીથી દરિયાઈ રસ્તે પસાર થતા જહાજોને નિશાન બનાવીને તેના પર બોમ્બમારો શરૂ કરી દીધો. ઈરાનની આ હરકતથી ભડકેલા ડોનાલ્ડ ટ્રમ્પે તેને સીધો કરારનો ભંગ ગણાવ્યો અને તાત્કાલિક અસરથી યુદ્ધવિરામ ખતમ થવાની સત્તાવાર જાહેરાત કરી દીધી.

ઈરાને દરિયાઈ માર્ગે હુમલા શરૂ કરતા જ અમેરિકી સેનાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. ઈરાનની આ નાપાક હરકતના જવાબમાં અમેરિકી સેનાએ છેલ્લા ૪૮ કલાકમાં (૨ દિવસમાં) ઈરાન પર અત્યાર સુધીના સૌથી મોટા અને ભયાનક હવાઈ હુમલાઓ કર્યા છે. અમેરિકન ફાઈટર જેટ્સ અને બોમ્બર્સે ઈરાનની અંદર ઘૂસીને તેના ૧૭૦થી વધુ સૈન્ય અડ્ડાઓ, મિસાઈલ ડેપો અને પરમાણુ પ્લાન્ટની આસપાસના અત્યંત સંવેદનશીલ વિસ્તારોને નિશાન બનાવીને તેને વેરવિખેર કરી નાખ્યા છે. અમેરિકાના આ વિનાશક હુમલામાં ઈરાનને મોટું નુકસાન પહોંચ્યું છે અને ઈરાની સેનાના ૧૪ જેટલા સૈનિકો પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.

### ભડકેલા ઈરાને અમેરિકી સૈન્ય અડ્ડાઓ પર મિસાઈલો છોડી

પોતાના સૈન્ય અડ્ડાઓ તબાહ થવાથી અને સૈનિકોના મોતથી ભડકેલા ઈરાને પણ હવે ખુલ્લેઆમ આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. અમેરિકાને જડબાતોડ જવાબ આપવા માટે ઈરાને કતર, કુવૈત, બહેરીન અને જોર્ડન સહિતના પશ્ચિમ એશિયાના દેશોમાં આવેલા અમેરિકાના સૈન્ય અડ્ડાઓ પર ઘાતક ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોનો વરસાદ કરી દીધો છે. ઈરાને ખુલ્લી ધમકી આપતા કહ્યું છે કે, જો અમેરિકા ભવિષ્યમાં આવા હુમલા કરશે, તો તેણે આનાથી પણ વધુ ભયાનક જવાબી કાર્યવાહી ભોગવવા માટે તૈયાર રહેવું પડશે. હાલમાં, બંને દેશો વચ્ચે થઈ રહેલા આ સામસામેના હુમલાઓને કારણે વર્ષો જૂનો શાંતિ કરાર કટકા થઈને વિખેરાઈ ગયો છે. આખા પશ્ચિમ એશિયામાં ધ્રુજારી વ્યાપી ગઈ છે અને એક મોટા અને વિનાશક યુદ્ધની સ્થિતિ નિર્માણ પામી છે. જોકે, આ ગોળાબારી વચ્ચે પણ ડોનાલ્ડ ટ્રમ્પે વાતચીત માટે દરવાજા ખુલ્લા રાખ્યા હોવાથી ક્યાંકને ક્યાંક શાંતિ સ્થપાવાની આશા હજુ પણ જીવંત છે.

### ગુપ્ત ઈનપુટના કારણે જ અમેરિકાએ ઈરાન પર ફરી હુમલો કર્યો

# ટ્રમ્પની હત્યાનું ઈરાનનું કાવતરું



નવી દિલ્હી, તા.૧૦

અમેરિકા-ઈરાન યુદ્ધ વધુ આક્રમક બન્યું છે. ઈઝરાયલે અમેરિકાને માહિતી આપી છે કે, ઈરાને ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. આ ગુપ્ત ઈનપુટના કારણે જ અમેરિકાએ ઈરાન પર ફરી હુમલો કર્યો. રિપોર્ટ્સ મુજબ, ઈઝરાયલે વોશિંગ્ટન સાથે ઈન્ટેલિજન્સ શેર કરી હતી, જેનાથી ટ્રમ્પને ફરી હુમલો કરવા ઉશ્કેરવામાં આવ્યા. ટ્રમ્પે પણ પોતાના જીવને ખતરો હોવાનું જણાવ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ખૂબ જ આક્રમક બની ગયું છે. ઈરાનના ઘણા શહેરોમાં તાજેતરમાં જ ધડાકા થયા. તેહરાને દાવો કર્યો કે, તેના ૮ જવાનોના મોત થયા છે. આ દરમિયાન એક મહત્ત્વની માહિતી સામે આવી છે. ઈઝરાયલે અમેરિકાને ઈનપુટ આપ્યા છે કે, ઈરાને તેમની હત્યાનો પ્લાન બનાવ્યો છે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, આ ગુપ્ત ઈન્ટેલ (ઈન્ટેલિજન્સ)ના કારણે જ અમેરિકાએ ઈરાન પર ફરીથી એટેક કર્યો. રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલે વોશિંગ્ટન સાથે ઈન્ટેલિજન્સ શેર કરી છે, જેનાથી ખબર પડે છે કે, ઈરાને તાજેતરમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્લાન બનાવ્યો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ ઈન્ટેલનો સહારો લઈને ટ્રમ્પને ફરીથી હુમલો કરવા માટે ઉશ્કેરી દીધા. અમેરિકા-ઈરાન વચ્ચે સીઝફાયર થઈ ચૂક્યું હતું, પરંતુ આ એક ઈનપુટે, બંને દેશો વચ્ચે ફરીથી યુદ્ધ શરૂ કરાવી દીધું.

# મેલબોર્નમાં પ્રદર્શનકારી મોદીની હોટલમાં ઘુસ્યો




ઈમિગ્રન્ટ વિરોધી સૂત્રોચ્ચાર બાદ સુરક્ષાનો ભંગ

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયા પહોંચ્યાના થોડા કલાકો પછી, જમણેરી વિરોધી કાર્યકર્તાએ તેમની મેલબોર્ન હોટેલમાં સુરક્ષા ભંગ કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજા દિવસે પણ મોદીના ડાયસ્પોરા કાર્યક્રમની બહાર એ જ પ્રદર્શનકારી ફરી આવ્યો હતો. ઈમિગ્રન્ટ વિરોધી પ્રદર્શનકારી હ્યુગો લેનને મોદીની મેલબોર્ન હોટેલમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. ભારતીય વડાપ્રધાનની બે દિવસની મુલાકાત માટે ઓસ્ટ્રેલિયા પહોંચ્યાના થોડા કલાકો પછી, મેલબોર્નમાં એક હોટલમાં એક જમણેરી વિરોધી પ્રદર્શનકારીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અપશબ્દો કહ્યા હતા. ગુરુવારે મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમમાં ભારતીય ડાયસ્પોરાને મોદીના સંબોધનમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ પણ આ જ વ્યક્તિએ કર્યો હતો. જોકે, તેને ત્યાંથી જવાની ફરજ પડી હતી. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી ક્લિપમાં, આ વિરોધ કરનાર હ્યુગો લેનન, જે ''ઓસ્પિલ'' નામથી ઓનલાઈન કામ કરે છે - તે હોટલની લોબીમાં રેડ કાર્પેટ પર મોદી પહોંચ્યા ત્યારે તે બૂમો પાડતો જોવા મળ્યો હતો. ત્યાં મોટી ભીડ એકઠી થઈ હતી. તેણે કહ્યું કે, ''આ ઓસ્ટ્રેલિયા છે. હવે કોઈ ભારતીય ઈચ્છતા નથી. અમને વધુ સ્થળાંતર જોઈતું નથી. આ દેશ ઓસ્ટ્રેલિયનો માટે છે. પોલીસે ઝડપથી લેનનને પકડી લીધો અને લોબીની સામે પહેલા માળની બાલ્કનીમાંથી તેને દૂર ખેંચીને લઈ ગયા અને તે નારા લગાવતો રહ્યો. લેનન પીએમનું સ્થાન કેવી રીતે જાણતો હતો અથવા તે મોદીની કેટલી નજીક હતો તે અંગેના પ્રશ્નોના જવાબ આપવાનો પોલીસે ઇનકાર કર્યો છે. પરંતુ ઓસ્ટ્રેલિયા સ્થિત અખબાર સિડની મોર્નિંગ હેરાલ્ડે અહેવાલ આપ્યો કે, ''કેટલાક જમણેરી પ્રભાવકોએ મોદીની મુલાકાત દરમિયાન શહેરની આસપાસની ગતિવિધિઓ વિશે ઓનલાઇન માહિતી શેર કરી હતી.'' વિક્ટોરિયા પોલીસના પ્રવક્તાએ પુષ્ટિ આપી કે ૨૨ વર્ષીય વ્યક્તિ રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ''એક હોટલમાં ગયો અને રાજકીય નિવેદનો આપ્યા હતા. ધ સિડની હેરાલ્ડ અનુસાર, લેનન એક ''નિયો-નાઝી સહયોગી'' અને એક શ્રીમંત મિલકત વિકાસ વારસદાર છે જે જમણેરી પ્રભાવક બની ગયો છે. યુકે સ્થિત ન્યૂઝ આઉટલેટ, ધ ડેઈલી મેઈલ, એ અહેવાલ આપ્યો હતો કે લેનન ઈમિગ્રન્ટ વિરોધી ''માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા'' ના કેન્દ્રીય વ્યક્તિઓ પૈકી એક છે, જે ગયા વર્ષે રાષ્ટ્રવ્યાપી રેલીઓની શ્રેણી હતી જેમાં હજારો સમાન વિચારધારા ધરાવતા ઈમિગ્રન્ટ વિરોધીઓ ભેગા થયા હતા. ઓસ્ટ્રેલિયન મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો કે લેનન જેવા તેમના ઘણા આયોજકો, કથિત રીતે વિવિધ નિયો-નાઝી અને શ્વેત રાષ્ટ્રવાદી સંગઠનો સાથે જોડાયેલા છે.

બીજા દિવસે, ગુરુવારે, લેનન મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમની બહાર પૂર્વ-આયોજિત વિરોધ પ્રદર્શનના ભાગ રૂપે ઈમિગ્રન્ટ વિરોધી વિરોધીઓના જૂથનું નેતૃત્વ કરી રહ્યો હતો, જ્યાં વડા પ્રધાન મોદી તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીસ સાથે ભારતીય ડાયસ્પોરાને સંબોધન કરી રહ્યા હતા.

# રામ મંદિર દાન ચોરી કેસની સોમવારે સુનાવણી

### CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની ૩ ન્યાયાધીશોની બેન્ચ સોમવારે CBI તપાસની માંગ કરતી PIL પર સુનાવણી કરશે

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટ સોમવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના નાણાકીય વ્યવહારોની ટોચની અદાલતની સીધી દેખરેખ હેઠળ CBI દ્વારા સ્વતંત્ર તપાસની માંગ કરતી ત્રણ અરજીઓ પર વિચાર કરશે. આ ત્રણેય ઢ્ઢંક ૧૩ જુલાઈના રોજ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી મોહનાની બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવશે. આ અગાઉ, સુપ્રીમ કોર્ટે આંશિક કાર્યકારી દિવસો દરમિયાન આ અરજીઓની તાત્કાલિક સૂચિબદ્ધ કરવાનો ઇનકાર કર્યો હતો.

અરજદાર-વ્યક્તિગત નરેન્દ્ર કુમાર ગોસ્વામી દ્વારા દાખલ કરાયેલી પહેલી પીઆઈએલમાં આ મામલાની સીબીઆઈ તપાસ અને રામ મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટના નાણાકીય ખર્ચનું કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (સીએજી) દ્વારા ઓડિટ કરાવવાની માંગ કરવામાં આવી હતી. અરજદાર-વ્યક્તિગત વકીલો અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ દ્વારા દાખલ કરાયેલી બીજી પીઆઈએલમાં દાનના દુરુપયોગના આરોપોમાં સીબીઆઈની આગેવાની હેઠળની બહુ-શાખાકીય એસઆઈટી દ્વારા ન્યાયી અને સમયબદ્ધ તપાસ કરાવવાની પણ માંગ કરવામાં આવી છે. તેઓ ઈચ્છતા હતા કે એસઆઈટી શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના બાબતો અને વહીવટને લગતી કથિત નાણાકીય અનિયમિતતાઓ અને અન્ય કથિત ''ગેરકાયદેસરતાઓ'' ની તપાસ કરવામાં આવે. આરજેડી સાંસદ સુધાકર સિંહ દ્વારા દાખલ કરાયેલી ત્રીજી પીઆઈએલમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ ચાલુ તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાની માંગ કરવામાં આવી હતી.

આ કેસમાં ધરપકડ કરાયેલા આઠ આરોપીઓ પાસેથી ચાલી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની તપાસ અને રૂ. ૭૭ લાખની વસૂલાતનો ઉલ્લેખ કરીને, બક્સરના આરજેડી સાંસદ દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં રજૂઆત કરવામાં આવી હતી કે ટ્રસ્ટના વહીવટનું રક્ષણ કરવું અને લાખો ભક્તો દ્વારા આપવામાં આવેલા પ્રસાદનું રક્ષણ કરવું અપવાદરૂપ જાહેર મહત્વ છે. સિંહે ટ્રસ્ટના તમામ દાન, વ્યવહારો અને સંપત્તિઓનું એક સ્વતંત્ર એજન્સી દ્વારા વ્યાપક ફોરેન્સિક ઓડિટ કરાવવાની માંગ કરી હતી.

જાહેર પારદર્શિતાના હિતમાં ટ્રસ્ટને ઓડિટેડ નાણાકીય નિવેદનો અને દાન રેકોર્ડ્સ તેની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવાનો નિર્દેશ આપવો જોઈએ. આ પીઆઈએલમાં પુરાવા સાથે કોઈપણ કથિત ચેડાને રોકવા માટે ભૌતિક દસ્તાવેજો, ડિજિટલ લેજર્સ, યુપીઆઈ ટ્રાન્ઝેક્શન લોગ અને બેંક સ્ટેટમેન્ટ સહિત તમામ નાણાકીય રેકોર્ડ્સ સાચવવાના નિર્દેશો અને પ્રસ્તાવિત દેખરેખ સમિતિની પૂર્વ મંજૂરી વિના ટ્રસ્ટને મોટા રોકાણો કરવાથી, નોંધપાત્ર કરારોમાં પ્રવેશ કરવાથી અથવા મહત્વપૂર્ણ નાણાકીય નિર્ણયો લેવાથી રોકવાનો આદેશ આપવાની માંગ કરવામાં આવી હતી. અને સુપ્રીમ કોર્ટ તપાસના પેન્ડિંગ સમયગાળા દરમિયાન ટ્રસ્ટના નાણાકીય બાબતોની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયિક અધિકારીઓ અને નાણાકીય નિષ્ણાતોની બનેલી એક કામચલાઉ, કોર્ટ-નિરીક્ષણ હેઠળ દેખરેખ સમિતિની નિમણૂક કરે તેવી માંગ કરવામાં આવી છે.

### ભારે કરી ! ગડકરીએ સ્વીકાર્યું કે, 'E20 ઈંધણ માઈલેજ પર અમુક અસર કરી શકે !

# એક નહિ છ વાહનો રજુ કરવા વિરોધીઓ તૈયાર



ગડકરીને પડકાર : મુલાકાતનો સમય માંગતા વિરોધીઓ

નવી દિલ્હી, તા. ૧૦

પેટ્રોલમાં ઈથેનોલ ભેળસેળ અંગેના વિવાદ વચ્ચે, નીતિન ગડકરી, જેઓ તેમના ભૂતકાળના નિવેદનો માટે સોશિયલ મીડિયા પર ટીકાનો ભોગ બન્યા છે, તેમણે સ્વીકાર્યું છે કે E20 માઈલેજ પર અસર કરી શકે છે. અગાઉ, તેમણે સતત કહ્યું હતું કે E20 થી કોઈ નુકસાન નથી.

નીતિન ગડકરી સતત કહેતા હતા કે ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલથી કોઈ નુકસાન નથી, તેમણે હવે સ્વીકાર્યું છે કે પેટ્રોલમાં ૨૦% ઈથેનોલ ઉમેરવાથી વાહનની માઈલેજ થોડી ઓછી થઈ શકે છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે આનાથી વાહનોને કોઈ નુકસાન થતું નથી. તેમણે સોશિયલ મીડિયા પર ફરતા વાહન ભંગાણના અહેવાલોને ''ખોટી અફવાઓ'' ગણાવીને ફગાવી દીધા છે .

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ ધ ઈન્ડિયન એક્સપ્રેસ સાથેની એક મુલાકાતમાં આ વાત કહી. તેમણે સમજાવ્યું કે ઈથેનોલનું કેલરીફિક મૂલ્ય, અથવા ઉર્જા, પેટ્રોલ કરતા ઓછું છે, તેથી ઈથેનોલનું પ્રમાણ વધારવાથી સરેરાશ માઈલેજ થોડું ઓછું થઈ શકે છે. જો કે, મોટાભાગના કિસ્સાઓમાં, આ અસર ન્યૂનતમ હોય છે.

હવે, તેમણે ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનનો મુદ્દો ઉઠાવ્યો છે. ગડકરીએ કહ્યું, ''સૌ પ્રથમ, ઈથેનોલ અને પેટ્રોલના કેલરીફિક મૂલ્ય, અથવા ઉર્જા ક્ષમતામાં તફાવત છે - જે એક હકીકત છે. પરંતુ માઈલેજ ડ્રાઈવિંગ પરિસ્થિતિઓ પર પણ આધાર રાખે છે, ખાસ કરીને દિલ્હી અથવા મુંબઈ જેવા શહેરોમાં, જ્યાં ડ્રાઈવિંગ પરિસ્થિતિઓને કારણે વાહનો ઓછા ગિયરમાં દોડે છે... ARAI ના અહેવાલો અનુસાર, માઈલેજની કોઈ સમસ્યા નથી, ખાસ કરીને ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનથી સજ્જ વાહનોમાં. તેથી જ અમે ફ્લેક્સ-એન્જિન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા પર પણ કામ કરી રહ્યા છીએ.''

તેમણે કહ્યું, ''દિલ્હી અને ગુડગાંવ વચ્ચેના સ્ટોપ-એન્ડ-ગો ટ્રાફિકમાં, તમારે વારંવાર બ્રેક લગાવવી પડે છે. લાલ લાઈટ આવે તે પહેલાં તમારી ગતિ ભાગ્યે જ ૪૦-૫૦ કિમી/કલાકથી વધી શકે છે. જો કે, જો તમે ૧૦૦ કિમી/કલાકની સતત ગતિએ વાહન ચલાવો છો, તો તમને મૂલ્યમાં થોડો તફાવત જોવા મળી શકે છે.''

ગડકરીએ પહેલા શું કહ્યું હતું?

અગાઉ, ગડકરીએ વારંવાર કહ્યું હતું કે E20 વાહનોને કોઈ નુકસાન પહોંચાડતું નથી. ગયા વર્ષે, ગડકરીએ એક મુલાકાતમાં કહ્યું હતું કે, ''હું તમને ખુલ્લેઆમ પડકાર ફેંકું છું કે મને એક પણ વાહન બતાવો જેમાં E20 ને કારણે કોઈ સમસ્યા થઈ હોય.'' તેમણે એમ પણ કહ્યું હતું કે ભારતમાં જૂના વાહનો પર કરવામાં આવેલા પરીક્ષણો અને બ્રાઝિલ જેવા દેશોમાં ૨૭% ઈથેનોલ મિશ્રણનો સફળ ઉપયોગ સાબિત કરે છે કે E20 ઈંધણ સંપૂર્ણપણે સલામત છે.

નીતિન ગડકરીના E20 અંગે કોઈ સમસ્યા નથી તેવા દાવા ઉપરાંત, પેટ્રોલિયમ મંત્રાલયે ગયા વર્ષે એક નિવેદન પણ બહાર પાડ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે ઘટાડેલા માઈલેજ અંગેની ચિંતાઓ ''પાયાવિહોણી'' છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે E20 પેટ્રોલને લગતા ચાલી રહેલા વિવાદને સોશિયલ મીડિયા પર તેમના વિરુદ્ધ એક ઓનલાઈન ઝુંબેશ દ્વારા વેગ આપવામાં આવી રહ્યો છે, જે ''પેટ્રોલ લોબી'' દ્વારા આયોજિત કરવામાં આવી રહી છે. આ લોબીને ''સમૃદ્ધ અને શક્તિશાળી'' ગણાવતા, ગડકરીએ કહ્યું કે તે E20 ઈંધણની ટીકા દ્વારા ખોટી માહિતી ફેલાવી રહી છે.

તેમણે હવે માઈલેજના મુદ્દાને સ્વીકાર્યો છે, અને કહ્યું છે કે તે એક વૈજ્ઞાનિક હકીકત છે પરંતુ તેને અતિશયોક્તિપૂર્ણ કહેવામાં આવી રહી છે. જોકે, ગડકરીએ હવે કહ્યું છે કે, ''સોશિયલ મીડિયા પર ફરતા વાહનના ભંગાણના ફોટા અને વીડિયો સાચા નથી. આ ખોટી વાર્તા ફેલાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. મને એક પણ વાહન બતાવો જે ફક્ત E20 દ્વારા નુકસાન થયું હોય.

તેમણે કહ્યું કે ગયા વર્ષે દેશભરમાં E20 મિશ્રિત પેટ્રોલ રજૂ કરવામાં આવ્યું હતું. આ પહેલા, પુણેમાં ARAI લેબ અને વાહન ઉત્પાદક કંપનીઓ દ્વારા અનેક પરીક્ષણો કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે તે બધા પરીક્ષણો પાસ કર્યા પછી જ લાગુ કરવામાં આવ્યું હતું.

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપક દાવાઓ

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપક દાવાઓ કરવામાં આવે છે કે E20 નો ઉપયોગ કર્યા પછી વાહનો ખરાબ થઈ ગયા છે અથવા સમસ્યાઓનો અનુભવ થયો છે. વપરાશકર્તાઓએ વિડિઓઝ શેર કર્યા છે જેમાં મિશ્રિત ઈંધણ પારદર્શક બોટલોમાં મૂકવામાં આવે ત્યારે દેખીતી રીતે અલગ અથવા વિઘટન થતું દર્શાવવામાં આવ્યું છે. ઘણા લોકોએ માઈલેજમાં ૧૦-૨૦% ઘટાડો નોંધાવ્યો છે, ખાસ કરીને ૨૦૨૩ પહેલા બનેલા વાહનોમાં સિસ્ટમો અને જાળવણીની જરૂરિયાતોમાં વધારો જેવી સમસ્યાઓ છે. પ્રદર્શનો કરનારાઓ કહે છે કે તેઓ ઈથેનોલ-બ્લેન્ડિંગ પ્રોગ્રામની વિરુદ્ધ નથી, પરંતુ તેનો અમલ કેવી રીતે થઈ રહ્યો છે. તેઓ લાખો વાહનો માટે યોગ્ય ઈંધણની માંગ કરી રહ્યા છે જે E20 પેટ્રોલ પર ચલાવવા માટે બનાવાયેલ નથી.

# નવ મનપાનાં વિકાસ માટે ફાળવાશે મફત જમીન

## જાહેર હિતની વિવિધ ૧૧ સેવાઓ માટે મુખ્યમંત્રીનો ઐતિહાસિક અને પ્રજાલક્ષી નિર્ણય



ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય હંમેશા શહેરી વિકાસ અને નાગરિક સુખાકારીના મોડલ તરીકે સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં સતત વધી રહેલા શહેરીકરણ અને નગરોના ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને તાજેતરમાં રાજ્ય સરકારે નવી ૯ નગરપાલિકાઓને અપગ્રેડ કરીને મહાનગરપાલિકા (મનપા) નો દરજ્જો આપ્યો છે. આ નવી બનેલી મહાનગરપાલિકાઓ પોતાના વિસ્તારના નાગરિકોને પ્રાથમિક અને આધુનિક સુવિધાઓ સત્વરે પૂરી પાડી શકે અને શહેરોનો 'સર્વાંગી અને સ્માર્ટ વિકાસ' થાય તે હેતુથી ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર રાજ્યની નવી રચાયેલી કુલ ૯ મહાનગરપાલિકાઓને આગામી ૫ (પાંચ) વર્ષ સુધી જાહેર હિતની વિવિધ ૧૧ જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ઊભા કરવા માટે જરૂરી સરકારી જમીન તદ્દન ''વિનામૂલ્યે'' (મફત) ફાળવવામાં આવશે.

રાજ્ય સરકારે ગુજરાતના અલગ અલગ ભૌગોલિક વિસ્તારોના વિકાસને વેગ આપવા નીચે મુજબની ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરી છે, જેમને આ મફત જમીન ફાળવણીના નિર્ણયનો સીધો લાભ મળશેઃ ૧. વાપી (દક્ષિણ ગુજરાતનું ઔદ્યોગિક હબ) ૨. નવસારી (સાંસ્કૃતિક અને ઐતિહાસિક નગરી) ૩. આણંદ (શ્વેત ક્રાંતિનું કેન્દ્ર) ૪. નડિયાદ (સાક્ષર નગરી) ૫. મહેસાણા (ઉત્તર ગુજરાતનું મુખ્ય મથક) ૬. મોરબી (સિરામિક સિટી અને ઉદ્યોગ નગરી) ૭. સુરેન્દ્રનગર (ઝાલાવાડનું હૃદય) ૮. પોરબંદર (ગાંધીજીની જન્મભૂમિ - પ્રવાસન ધામ) ૯. ગાંધીધામ (કચ્છનું વ્યાપારી અને આર્થિક પાટનગર) આ તમામ ૯ શહેરો અત્યંત ઝડપથી વિકસી રહ્યા છે. મહાનગરપાલિકા બન્યા બાદ અહીં વસતી અને ભૌગોલિક વિસ્તાર વધશે, જેને પહોંચી વળવા માટે વિશાળ માળખાગત સુવિધાઓની જરૂર પડશે.

### નિર્ણયથી શું ફાયદો થશે?

સામાન્ય રીતે કોઈપણ મોટા પ્રોજેક્ટમાં સૌથી મોટો ખર્ચ ''જમીન સંપાદન'' (Land Acquisition) પાછળ થતો હોય છે. નવી મનપાઓ પાસે શરૂઆતમાં ભંડોળ મર્યાદિત હોય છે. જો તેઓએ જમીન ખરીદવા માટે કરોડો રૂપિયા ખર્ચવા પડે, તો વિકાસના કામોમાં વિલંબ થાય છે.

પરંતુ, રાજ્ય સરકારના આ ૫ વર્ષ માટે વિનામૂલ્યે જમીન ફાળવવાના નિર્ણયથી મનપાના કરોડો રૂપિયાની બચત થશે. આ બચેલી રકમનો સીધો ઉપયોગ આ તમામ પ્રોજેક્ટ્સને ઝડપથી અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂરા કરવામાં થશે. જેના પરિણામે નવી મનપાઓ ટૂંકા સમયમાં જ મેટ્રો સિટી જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ બનશે અને ત્યાંના નાગરિકોના જીવનધોરણમાં ક્રાંતિકારી સુધારો આવશે. મુખ્યમંત્રીશ્રીનો આ નિર્ણય ''સ્માર્ટ સિટી – સ્માર્ટ ગુજરાત'' ના વિઝનને સાકાર કરવા તરફનું એક ખૂબ જ મજબૂત કદમ છે.

### કયા ૧૧ મહત્ત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે મફત જમીન અપાશે?

**મુખ્યમંત્રીએ આ નવી મનપાઓને આર્થિક ભારણમાંથી મુક્ત રાખીને સીધો વિકાસ કરવા માટે જે ૧૧ પાયાની અને આવશ્યક સેવાઓ માટે વિનામૂલ્યે સરકારી જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે, તે સુવિધાઓ નીચે મુજબ છેઃ**

૧. નગર સેવા સદન (કચેરી મકાન): મનપાના વહીવટી કાર્યો સરળતાથી થઈ શકે અને લોકોને એક જ છત નીચે તમામ સરકારી સેવાઓ મળી રહે તે માટે ભવ્ય અને આધુનિક વહીવટી ભવનના નિર્માણ માટે. ૨. ફાયર સ્ટેશન (અગ્નિશમન કેન્દ્ર): શહેરમાં કોઈપણ આગ કે આપત્તિની ઘટના સમયે તાત્કાલિક બચાવ કામગીરી માટે અત્યાધુનિક ફાયર સ્ટેશનો ઊભા કરવા. ૩. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (જીઝડ): ગંદા પાણીના શુદ્ધિકરણ અને પર્યાવરણની જાળવણી માટે. ૪. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઠઝડ): નાગરિકોને પીવાનું શુદ્ધ અને ફિલ્ટર કરેલું આરોગ્યપ્રદ પાણી પૂરું પાડવા. ૫. ભૂગર્ભ ગટર ડ્રેનેજ સિસ્ટમઃ શહેરને ગંદકીમુક્ત રાખવા અને સ્વચ્છતા જાળવવા માટે સંપૂર્ણ ભૂગર્ભ ગટર વ્યવસ્થા. ૬. પમ્પિંગ સ્ટેશનઃ ગંદા પાણીના યોગ્ય નિકાલ અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પાણી પહોંચાડવા પમ્પિંગ સ્ટેશનો બનાવવા. ૭. વોટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો): શહેરના છેવાડાના વિસ્તારો સુધી પીવાનું પૂરતું પાણી પહોંચાડવાની પાઈપલાઈન અને નેટવર્ક માટે. ૮. સોલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટઃ ઘન અને પ્રવાહી કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ અને રિસાયક્લિંગ માટેનો પ્લાન્ટ, જે સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપશે. ૯. સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમઃ ચોમાસા દરમિયાન શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા. ૧૦. બાલવાડી (આંગણવાડી): શહેરના નાના અને ગરીબ બાળકોના પાયાના શિક્ષણ, આરોગ્ય અને પોષણ માટે આધુનિક બાલવાડીઓના નિર્માણ માટે. ૧૧. કોમ્યુનીટી હોલ (જાહેર સભાખંડ): નાગરિકોને સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો યોજવા માટે રાહત દરે સુવિધા મળી રહે તે માટે અદ્યતન કોમ્યુનીટી હોલના નિર્માણ માટે.

# મંગળવારે કસુંબીનો રંગ ધર્મોત્સવ

## માધવ શરાફી સહકારી મંડળી દ્વારા આયોજન





રાજકોટ, તા.૧૦

માધવ શરાફી સહકારી મંડળી દ્વારા તા. ૧૫ને મંગળવારે, હેમુ ગઢવી હોલમાં રાત્રીના ૮ વાગ્યે, કસુંબીનો રંગ ધર્મોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકસાહિત્યકારો લાખણશીભાઈ ગઢવી અને ભજનભકિતના આરાધક સાગર મેસવાણીયા લોકસાહિત્યની ધૂમ મચાવશે.

માધવના ૨૮માં સ્થાપના દિન નિમીત્તે કસુંબીનો રંગ યોજાનાર છે. આવું આયોજન ફકત માધવના સભાસદો તેમજ આમંત્રિત મહેમાનો માટે જ છે.

માધવના પૂર્વે ડીરેક્ટર સ્વ.રૂપાબેન શીલુનો જન્મ દિવસ ૧૫ જુલાઈ છે. તેઓએ સ્થાપના કાળથી આજસુધીની માધવની વિકાસયાત્રામાં કરેલ અમુલ્ય યોગદાન યાદ કરી દર વર્ષે સ્થાપના દિવસે ઉજવવાનો નિર્ણય લઈ બોર્ડઓફ ડિરેક્ટર્સ દ્વારા ખરા અર્થમાં સ્વ. રૂપાબેનને કાયોજલિ આપી છે.

માધવ શરાફી સહકારી મંડળી લી. રાજકોટ ઉપરાંત બોટાદ, મોરબી અને ધોરાજીમાં પણ શાખાઓ ધરાવે છે.

માધવની પ્રવૃતિ વિશે વાત કરીએ તો માધવ જરુરીયાત વાળા સભાસદો માટે સરળ અને ઝડપી ધિરાણ, થાપણદારો માટે આકર્ષક વ્યાજ દર, કોઈ પણ જાતના પ્રોસેસીંગ ચાર્જ વગર માત્ર ૩૦ મીનીટમાં ૨૫ લાખ સુધીનું સોના ધિરાણ (ગોલ્ડ લોન), દર બે વર્ષે ગૃહ ઉપયોગી, વિકલ્પો સાથેની મૂલ્યવાન વાર્ષિક સભાસદ ભેટ, મહત્તમ ૨૦ ટકા ડિવીડન્ડ અને મનોરંજક વાર્ષિક ઉત્સવ સભાસદોના અચલ વિશ્વાસનું કેન્દ્ર બની રહયુ છે.મંડળી દ્વારા વખતો વખત જરૂરીયાતના સમયે સમાજ પ્રત્યે પોતાનું દાયિત્વ નિભાવવા સદાય તત્પર રહયુ છે.

કાર્યક્રમને સફળ બનાવવા ડો. એન. ડી. શીલુ(એમ.ડી), ડો. પ્રકાશ મોઢા(ચેરમેન), ડો. કેતન બાવીશી(વાઈસ ચેરમેન), ડો. તત્સ જોષી, તેજશભાઈ પંડયા, ભાસ્કરભાઈ રાજયગુરુ, જયંતીભાઈ રાજકોટીયા, એન. સી. બરછા, મહેશભાઈ શીલુ, ડો. મિતાબેન ઓઝા, કલ્પનાબેન શુકલ સહિતના ડીરેકટર્સ મિત્રો સતત પ્રવૃતિશીલ છે.

મોરબી શાખાના દિપકભાઈ વડાલીયા, બોટાદ શાખાના મહેશભાઈ શીલુ, ધોરાજી શાખાના રણછોડભાઈ વઘાસીયા માધવના વિકાસમાં તથા આ પ્રકારના મનોરંજન સમારોહમાં મહત્વનું યોગદાન આપે છે.

ચંદ્રેશભાઈ કાપડિયા (જનરલ મેનેજર), આશુતોષભાઈ શીલુ (સી.ઈ.ઓ.), જયવિરસિંહ ઝાલા, વિજય પુરોહીત, વિરેન્દ્ર ચૌહાણ, વિવેકભાઈ શીલુ, મિહીર મહેતા, ચિરાગ મહેતા અને વિવેક વાગડીયા સહિતના કમેચારી ગણ અથાગ મહેતન કરી રહ્યા છે.



### ૩૫૦ યુનિટ રક્ત થયું એકત્ર : સર્વરોગ નિદાન કેમ્પનો ૩૦૦થી વધુ દર્દીએ લીધો લાભ

# કોટડીયા પરિવાર ચેરી. ટ્રસ્ટ દ્વારા ૬ઠો મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજકોટ, તા.૯

કોટડીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા, બાપા સીતારામ ચોક સ્થિત સોરઠીયા વાડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ તેમજ સર્વનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં એકત્રિત ૩૫૦ યુનિટ રક્ત સિવિલ હોસ્પિટલ, રાજકોટ તેમજ જીવનદીપ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું.

આ તકે કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં નિશુલ્ક મેડિકલ ચેકઅપનું આયોજન કર્યું હોવાથી ૩૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. કોટડીયા પરિવાર દ્વારા દર વર્ષે બે વખત રાજકોટમાં આવી રીતે સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. કોટડીયા પરિવારના તેમજ કોટડીયા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ કોટડીયા (ડી.કે. પટેલ) તેમજ ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ કોટડીયા, મંત્રી જતિનભાઈ કોટડીયા, ખજાનચી ચંદ્રેશભાઇ કોટડીયા તેમજ કોટડીયા પરિવારના ટ્રસ્ટી મયુરભાઈ કોટડીયા(પીઆઈ) તેમજ બધા ટ્રસ્ટીઓ પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં વિવિધ સમાજના અગ્રણીઓ, મહાનુભાવો તેમજ રાજકીય આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. વિવિધ મેડિકલ હોસ્પિટલોનો સહકાર મળ્યો હતો. આ કાર્યક્રમનો સંચાલન હાર્દિક સોરઠીયા એ કર્યું હતું. સર્વરોગ નિદાન સારવાર કેમ્પમાં સવિશેષ સેવા ડર્મોલોજીસ્ટ ડો. મયુરી કથીરિયાએ આપી હોવાનું ડો. સુનિલ કથીરિયાએ એક મુલાકાત દરમિયાન રાજકોટ મિરરને જણાવ્યું હતું.

# વિદ્યાર્થી પાસે દારૂ મંગાવનાર શિક્ષક સસ્પેન્ડ

## FIR નોંધી શિક્ષકની ધરપકડઃ ત્રણ અધિકારીઓની તપાસ સમિતિ રચાઈઃ ઉનાના ખાપટ ગામની ઘટના



રાજકોટ, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખાપટ ગામની પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થી પાસે દારૂ મંગાવવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ સામે આવતા શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ સંબંધિત શિક્ષકને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવાનો આદેશ આપતાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ બાબતે ખાપટ ગામની પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા શિક્ષક સામે કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવતા આજે ઉના પોલીસ દ્વારા તેની ધરપકડ પણ કરવામાં આવી છે.

શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ બાબતે કડક વલણ અપનાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ભવિષ્ય અને ચારિત્ર્યના ઘડતર માટે જેમના શિરે જવાબદારી છે, તેવા શિક્ષક તરફથી આ પ્રકારનું શરમજનક ગેરવર્તન કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. રાજ્ય સરકાર વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક સંસ્થાઓની શિસ્ત સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કે બેદરકારી સહન નહીં કરે. ધોરણ ૬ થી ૮માં ફરજ બજાવતા શિક્ષક હરેશગીરી ગુલાબગીરી ગોસ્વામી સામે તપાસ માટે ગીરસોમનાથના નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વેરાવળના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગીરગઢડાના તાલુકા વિકાસ અધિકારીની સંયુક્ત તપાસ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરાયા બાદ આગળની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.

શિક્ષણ મંત્રી ડો. વાજાએ આ બાબતે ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા સાથે સીધી વાત કરીને સમગ્ર ઘટનામાં પોલીસ તંત્રને કડક કાયદેસરની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી છે.ઉલ્લેખનીય છે કે, આ શિક્ષકને તલાલા તાલુકાની રમળેચી પ્રાથમિક શાળા ખાતે આજે ફરજમોકૂફી હેઠળ મૂકવાનો આદેશ કરવામાં આવ્યો છે.

### રાજકોટમાં વધુ એક વખત પોલીસ સાથે બાકઝીકી

# આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલને પટ્ટા ઉતરાવી નાખવાની ધમકી

**પોલીસ કર્મચારીને બાઈક સહિત બોલેરોથી ઠોકર મારી, કાયદેસરની કાર્યવાહી કરતા ત્રણ શખ્સોએ કરી ફરજમાં રૂકાવટ**



રાજકોટ,તા.૧૦

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવતી પોલીસ પર જ હુમલો અને ધમકી આપવાના બનાવો વધી રહ્યા છે. રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સટેબલની મોટરસાયકલને પુરઝડપે આવતી બોલેરો કારે ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. આ મામલે જ્યારે ચાલક પાસે કાગળો માંગી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો, ત્યારે તેના અન્ય સાગરીતોએ પોલીસ સ્ટેશનની અંદર જ હોબાળો મચાવી, પોલીસ કર્મચારીઓને ''તમારા પટા ઉતરાવી નાખવાની તાકાત છે'' તેવી ખુલ્લેઆમ ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની ગંભીર ઘટના સામે આવી છે. આજીડેમ પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને સોલવન્ટ ચોકી ખાતે કાર્યરત પોલીસ કોન્સ્ટેબલ રામજીભાઈ ભોળાભાઈ ટાઢાણી (ઉ.વ.૩૪) પોતાની મોટરસાયકલ ઞઉં-૨૭-ઈઊ-૭૮૪૦ લઈને જયનગર મેઈન રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન સવારના આશરે ૧૧:૦૦ વાગ્યે એક બોલેરો ઞઉં-૦૩-ઈઞ-૭૫૬૧ના ચાલકે પોતાની ગાડી બેફિકરાઈથી ચલાવી કોન્સ્ટેબલની મોટરસાયકલને આગળના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં મોટરસાયકલનો આગળનો પંખો તૂટી ગયો હતો. કોન્સ્ટેબલે બોલેરો ચાલકને ધીમે ચલાવવા બાબતે કહેતા, ચાલકે ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો કે, ''મારી ગાડી આમ જ ચાલશે.'' પૂછપરછ કરતા તેનું નામ રાહુલ રાજેશભાઈ ગોંડલીયા (રહે. ગુ.હા.બોર્ડના ક્વાર્ટર, કોઠારીયા, રાજકોટ) હોવાનું સામે આવ્યું હતું. તેની પાસે ગાડીના કાગળો માંગતા તે ઉપલબ્ધ ન હોવાથી કોન્સ્ટેબલ તેને ગાડી સાથે આજીડેમ પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા.

રાહુલને પોલીસ સ્ટેશને લાવવામાં આવતા જ તેનો ભાઈ પ્રિન્સ ભારથી ત્યાં ધસી આવ્યો હતો. તેણે પોલીસ સ્ટેશનમાં જ ઉશ્કેરાઈને હોબાળો મચાવ્યો હતો અને કોન્સ્ટેબલને જેમ તેમ બોલી ''તમારા પટા ઉતરાવી નાખવાની'' ધમકી આપી હતી. આ દરમિયાન આજીડેમ પોલીસ સ્ટેશનના ઈન્વેસ્ટિગેશન રૂમમાં હેડ કોન્સટેબલ હેમંતભાઈ અને જયપાલભાઈ વાટુકીયા પણ હાજર હતા. આ સમયે ત્રીજો શખ્સ પાર્થ ભારથી ત્યાં ધસી આવ્યો હતો. હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈએ તેને શાંત પાડવાનો પ્રયાસ કરી કાયદેસરની કાર્યવાહી થતી હોવાનું જણાવતા જ પાર્થ ભારથી પણ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે પણ પોલીસ કર્મચારીઓ પર રોફ ઝાડતા કહ્યું કે, ''તમારા પટા ઉતરાવી નાખું એટલી મારામાં તાકાત છે.''

સરકારી કર્મચારીને પોતાની કાયદેસરની ફરજ બજાવતા અટકાવી, પોલીસ સ્ટેશન જેવા સંવેદનશીલ સ્થળે કાયદાનો ડર રાખ્યા વિના બેફામ ધમકીઓ આપનાર આ ત્રણેય શખ્સોઃ રાહુલ રાજેશભાઈ ગોંડલીયા, પ્રિન્સ ભારથી સને પાર્થ ભારથી સામે કોન્સ્ટેબલ રામજીભાઈ ટાઢાણીએ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરવા બદલ તથા અકસ્માત સર્જી મોટરસાયકલમાં આશરે રૂ. ૧૨૦૦નું નુકસાન કરવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ એચ.એમ.ધરજીયાને સોંપી છે.

# દૂધની ૧૫ ડેરીઓમાં આરોગ્ય તંત્ર ત્રાટક્યું

## કોઠારીયા રોડથી સાધુ વાસવાણી રોડ સુધી સપાટોઃ વિરમણી સ્વીટ, બેસ્ટ મયુર ભજીયા અને વિશાલ એજન્સી સહિતના વેપારીઓને ફટકારાતો દંડ

રાજકોટ, તા. ૧૦

શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્વો સામે મહાનગરપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખાએ લાલઆંખ કરી છે. શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તેવા આશય સાથે તંત્ર દ્વારા કોઠારીયા રોડથી લઈ સાધુ વાસવાણી રોડ સુધીના વિસ્તારોમાં મેગા ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં છૂટક દૂધ વેચતી ૧૫ જેટલી ડેરીઓ, સ્વીટ માર્ટ અને ફરસાણની દુકાનોમાં દરોડા પાડી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. લાંબા સમયથી મળી રહેલી ફરિયાદોને પગલે ફૂડ વિભાગે હવે દૂધમાં થતી મિલાવટ પકડવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરી છે. આરોગ્ય અધિકારીઓની ટીમે અલગ-અલગ વિસ્તારોમાં આવેલી ૧૫ જેટલી નાની-મોટી દૂધની ડેરીઓ પર અચાનક દરોડા પાડ્યા હતા. દૂધના સેમ્પલ લઈ તેને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. આ ચેકિંગ દરમિયાન બેદરકારી બદલ બે ધંધાર્થીઓને સ્થળ પર જ દંડ ફટકારવામાં આવ્યો હતો.

ચેકિંગ દરમિયાન પ્રતિષ્ઠિત દુકાનોમાંથી પણ ગંભીર ક્ષતિઓ અને માનવ આરોગ્ય માટે જોખમી કહી શકાય તેવી વસ્તુઓ મળી આવી હતી. તપાસ દરમિયાન ફૂડ વિભાગની ટીમે દુકાનોમાંથી ફુગવાળો (અખાદ્ય) માવો તેમજ એક્સપાયરી ડેટ વિતી ગઈ હોય તેવી અંદાજે ૩૫૦ જેટલી પાણીની બોટલોનો જથ્થો પકડી પાડી તેનો સ્થળ પર જ નાશ કર્યો હતો. આ ઉપરાંત, આરોગ્ય માટે હાનિકારક એવી વાસી બેકરી પ્રોડક્ટ્સનો પણ મોટી માત્રામાં નાશ કરવામાં આવ્યો હતો. વિરમણી સ્વીટ, બેસ્ટ મયુર ભજીયા અને વિશાલ એજન્સીને દંડઃ હાઇજીન ના નિયમોનો ભંગ કરવા બદલ અને અખાદ્ય સામગ્રી રાખવા બદલ આ નામાંકિત પેઢીઓને આકરો દંડ ફટકારાયો.



શહેરમાં ફડ વિભાગનું મેગા ચેકિંગ : વાસી માવો અને એક્સીપાયરી ડેટના પાણીનો જથ્થો ઝડપાયો

૩૫૦ નંગ પાણીની બોટલ કે જેની એક્સપાયરી ડેટ વહી ગઈ હોવા છતાં ગ્રાહકોને પધરાવવાનું કૌભાંડ પકડાયું હોવાનું જાણવા મળ્યું. તો બીજી તરફ માવો તથા વાસી બેકરી આઈટમ્સઃ જથ્થાબંધ વાસી ખોરાક કચરાપેટી ભેગો કરાયો.ખાદ્યપદાર્થો આપવા માટે પ્રતિબંધિત એવી પ્રિન્ટેડ પસ્તી (છાપાના કાગળ)નો ઉપયોગ કરતા ફરસાણ અને નાસ્તાના વેપારીઓ સામે પણ તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. પ્રિન્ટેડ પસ્તીની શાહી પેટમાં જવાથી કેન્સર જેવી ગંભીર બીમારીઓ થવાનું જોખમ રહેલું હોઈ, આવા કાગળમાં નાસ્તા પેક કરી આપતા વેપારીઓને કડક શબ્દોમાં નોટિસો ફટકારવામાં આવી છે અને ભવિષ્યમાં આવી ભૂલ બદલ દુકાન સીલ કરવાની ચીમકી અપાઈ છે. ફૂડ વિભાગની આ આકરી કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.

એસ્ટ્રોન ચોક પાસે જનકલ્યાણ સોસાયટી,શોપ નં.-૪, 'વિરમણી સ્વીટ્સ નમકીન' પેઢીમાંથી વાસી અખાદ્ય અને ફૂગવાળો માવો, એક્સપાયરી મિલ્ક પાવડર, સડેલા બટેટા, શાકભાજી, પડતર મસાલા, ચારોળીનો પ્રતિબંધિત કલર કેમિકલ્સ, કચોરીનો મસાલો, પડતર ગુલફી, વાસી પ્રિપેર્ડ ફૂડ, પ્રિપેર્ડ સમોસા, કચોરીનો માવો કુલ મળીને અંદાજિત ૯૧ કિલો અખાદ્ય ખોરાક મળી આવતા તેનો નાશ કરી સીલ મારવામાં આવ્યા હતા. જયારે ૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી પેઢીને હાઈજેનિક કન્ડિશન તથા લાઇસન્સ બાબતે નોટિસ અપાઇ હતી. અજંતા પાર્ક ચંદ્રમૌલેશ્વર મહાદેવ સામે આવેલ બેસ્ટ મયુર ભજીયામાંથી એક્સપાયરી ડેટ પાણીની ૨૦૦ એમએલ, ૧-લિટરની પેકડ ૩૫૦ બોટલ મળી કુલ ૧૦૦ લીટર તથા બ્રેડનો જથ્થો, ૬ કિલો સડેલા શાકભાજીનો નાશ કરી ૫૦૦નો વહીવટી ચાર્જ વસુલી મીઠી ચટણીનો નમૂનો લેવાયો છે. આ ઉપરાંત ગુરૂપ્રસાદ ચોક, કૃષ્ણનગર, માલવીયા કોલેજ રોડ, અંબાજી કડવા પ્લોટ, સાધુ વાસવાણી રોડ, પોપટપરા, કોઠારીયા, રાધામીરા રોડ, ગોંડલ રોડ, કેનાલ રોડ સહિતના રસ્તે આવેલી ખાણીપીણીની દુકાનોમાં સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકાનો મોટો નિર્ણય

# સાંઢીયા પુલ હવે ડો. શ્યામાપ્રસાદ મુખર્જી પુલ

## પોપટપરા ટાઉનશિપને સ્વ.જનકભાઈ કોટકનું નામ અપાશે : ગોધુમલભાઈ આહુજા, પોપટભાઈ સોરઠીયા અને સિધ્ધિ વિનાયક માર્ગ સહિતના નવા નામોથી શહેરના રાજમાર્ગો ઓળખાશે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા અને આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે કરોડોના ખર્ચે બ્રિજ અને આવાસ યોજનાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ નવનિર્મિત પ્રકલ્પો અને મુખ્ય માર્ગોને શહેરના અને દેશના અગ્રીમ નેતાઓ તથા સમાજશ્રેષ્ઠીઓની સ્મૃતિમાં વિશિષ્ટ નામકરણ આપવાની વ્યાપક હિલચાલ શરૂ થઈ છે. આગામી જનરલ બોર્ડની બેઠકમાં માત્ર નામકરણની વિવિધ દરખાસ્તો જ એજન્ડા પર ટોપ પ્રાયોરિટી પર રાખવામાં આવી છે. જેમાં સૌથી મહત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત જામનગર રોડ પર બનેલા ભવ્ય નવા બ્રિજને પ્રખર રાષ્ટ્રવાદી નેતા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી અને પોપટપરા વિસ્તારમાં બનેલી અત્યાધુનિક ટાઉનશિપને રાજકોટના પૂર્વ મેયર અને અગ્રણી નેતા જનકભાઈ કોટકનું નામ આપવાનું લગભગ નિશ્ચિત બન્યું છે.

મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે જનરલ બોર્ડના એજન્ડા પર અન્ય વિકાસલક્ષી કામો કરતાં નામકરણની દરખાસ્તો સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. શાસક પક્ષ દ્વારા આ નામકરણો પાછળ રાજકીય, સામાજિક અને ધાર્મિક સંતુલન જાળવવાનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના જે વિસ્તારોમાં નવા બ્રિજ અને ટાઉનશિપ બન્યા છે, ત્યાં સ્થાનિક લોકોની લાગણી અને જે તે મહાનુભાવોના સમાજ પ્રત્યેના પ્રદાનને ધ્યાનમાં રાખીને જ આ નામો નક્કી કરવામાં આવ્યા છે. આગામી બોર્ડમાં આ તમામ દરખાસ્તો બહુમતીથી મંજૂર કરવામાં આવશે.

પોપટપરા વિસ્તારમાં બનેલી નવી આવાસ યોજના (ટાઉનશિપ)ના રહીશોમાં જનકભાઈ કોટક જેવા લોકપ્રિય નેતાનું નામ અપાતા હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. બીજી તરફ, જામનગર રોડ પરનો નવો બ્રિજ જે ટૂંક સમયમાં વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાનાર છે, તેને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું નામ મળતાં આ હાઈવેને એક ભવ્ય રાષ્ટ્રીય ઓળખ મળશે. આ ઉપરાંત ગોધુમલભાઇ આહુજા, પોપટભાઇ સોરઠીયા અને સિધ્ધિ વિનાયક માર્ગ બનવાથી જે તે વિસ્તારના ચોક્કસ સર્કલો અને રસ્તાઓને પણ કાયમી એડ્રેસ મળી જશે.



જામનગર રોડ પર સાંઢીયા પુલની જગ્યાએ નવા બનાવવામાં આવેલા ફોરલેન બ્રીજને શ્યામા પ્રસાદ મુખર્જી નામ આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. થોડા સમય પહેલા અવસાન પામેલા રાજકોટના પૂર્વ મેયર અને સજ્જન સેવાભાવિ અગ્રણી તરીકે લોકોના દિલમાં રાજાની જેમ રાજ કરનારા સ્વ. જનકભાઇ કોટકનું નામ પણ યાદી સાથે જોડવામાં આવ્યું છે. પોપટપરામાં ફાઇનલ પ્લોટ ૧૨-બીમાં રહેલી આવાસ યોજનાને જનકભાઇ કોટકનું નામ અને ૧૨-એમાં રહેલી આવાસ યોજનાને ગોધુમલભાઇ આહુજા નામ આપવા શાસકોએ નિર્ણય કર્યો છે. વોર્ડ નં.૧૦માં યુનિ. રોડ અને કાલાવડ રોડને ક્રોસ કરતા વોકહાર્ટ હોસ્પીટલ પહેલાની શેરીમાં સિધ્ધિ વિનાયક મંદિર આવેલું છે. આ મંદિરના બીજા રોડને મંદિરના નામ સાથે જોડવા પણ સમિતિએ ઠરાવ કર્યો છે તો મવડીથી રામધણના રસ્તે સાવન ચોકના રસ્તે આવેલા માર્ગને પોપટભાઇ લાખાભાઇ સોરઠીયા નામકરણ કરવાની દરખાસ્ત પણ એજન્ડામાં છે. આ તમામ મહાનુભાવોના નામો કાયમ માટે સ્મૃતિમાં રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

લોકમેળાનું કાઉન્ટડાઉન

# ટીકીટના દરોમાં ૨૦થી ૩૦ ટકા વધારાની માંગ

## રાઇડ્સ સંચાલકોએ કલેક્ટર તંત્રને કરી રજૂઆત

રાજકોટ, તા. ૧૦

શહેરમાં લોકમેળાના આયોજનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને વહીવટી તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે જ મેળાના મુખ્ય આકર્ષણ એવા રાઇડ્સ સંચાલકોએ તંત્ર સામે મોરચો માંડી દીધો છે.

રાઇડ્સ એસોસિએશન દ્વારા ટીકીટના દરોમાં ૨૦ થી ૩૦ ટકાનો તોતિંગ વધારો કરવાની માંગ સાથે કલેક્ટર તંત્ર સામે સીધું નાક દબાવવાની નીતિ અપનાવવામાં આવી છે. સંચાલકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો તેઓ મેળાના પ્લોટ માટેના ફોર્મ પણ ઉપાડશે નહીં અને હરાજીનો બહિષ્કાર કરશે. રાઇડ્સ સંચાલકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયમાં ડીઝલના ભાવ, મજૂરી અને ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં જંગી વધારો થયો છે. મેળામાં મહાકાય રાઇડ્સ લાવવા અને તેને ચલાવવાનો ખર્ચ હવે આસમાને આંબી ગયો છે. આ સંજોગોમાં જૂના ટીકીટના દરોથી રાઇડ્સ ચલાવવી આર્થિક રીતે પરવડે તેમ નથી. આથી જનતાના ખિસ્સા પર વધુ બોજ નાખીને પણ ટીકીટના ભાવ વધારવા તેઓ મક્કમ બન્યા છે. બીજી તરફ, કલેક્ટર તંત્ર આ મામલે ભારે ધર્મસંકટમાં



મુકાયું છે. લોકમેળો એ પ્રજાના મનોરંજન માટેનો ઉત્સવ છે. જો ટીકીટના દરોમાં આટલો મોટો વધારો ઝીંકવામાં આવે તો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે મેળો માણવો મુશ્કેલ બની જશે. પરંતુ જો સંચાલકો પોતાની જીદ પર અડી રહેશે અને ફોર્મ નહીં ભરે, તો મેળાની રોનક જ ગાયબ થઈ જશે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ 'નાક દબાવવાની' નીતિ સામે નમે છે કે પછી સંચાલકો સાથે કોઈ વચ્ચેનો રસ્તો કાઢીને મેળાના કાઉન્ટડાઉનને સુખદ અંત તરફ લઈ જાય છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આ વખતે રાઇડ્સના દરોમાં કોઈપણ જાતનો વધારો કરવામાં આવશે નહીં તેવું લોકમેળા સમીતીના સુત્રોએ અગાઉ જણાવેલ હતું પરંતુ ડીઝલ અને ટ્રાન્સપોટેશનના ભાવ વધારાના પગલે રાઇડ્સ સંચાલકોએ ટીકીટના દરોમાં વધારા માટે અત્યારથી જ વહીવટીતંત્ર પર દબાણ શરૂ કરી દેવાયું છે.

ગત વર્ષે એસ.ઓ.પી.ના મામલે રાઇડ્સ સંચાલકોએ વહીવટીતંત્રનું નાક દબાવ્યું હતું ત્યારે હવે કલેક્ટર તંત્ર રાઇડ્સ સંચાલકો પ્રત્યે કેવો રૂખ અપનાવે છે તે તો આગામી સમય જ બતાવશે લોકમેળાના આડે હવે માત્ર દોઢ માસ જેવો સમય જ બાકી રહેવા પામેલ છે. તેમ છતાં લોકમેળાની તૈયારીઓ હજુ ધીમી ગતિથી આગળ ધપાવવામાં આવી રહી છે. વહીવટીતંત્ર દ્વારા હજુ સુધી ફોર્મ વિતરણ શરૂ કરાયું નથી કે પુરતા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાઇડ્સની ટીકીટના દર વધારાની માંગણી સાથે લડતની ચેતવણી રાઇડ્સ સંચાલકો દ્વારા આપવામાં આવી છે.

# RTO એ ૪૨ વાહનધારકોની ડિપોઝીટ કરી જપ્ત

## ફેન્સી નંબર મેળવવાની 'ઘેલછા'માં લાખોની બોલી બોલીને વાહનચાલકો ગાયબ!

રાજકોટ, તા.૧૦

વાહનોમાં પોતાની પસંદગીનો ફેન્સી નંબર કે 'લકી નંબર' મેળવવા માટે વાહનધારકોમાં ભારે ક્રેઝ જોવા મળતો હોય છે, પરંતુ ક્યારેક આ ક્રેઝ માત્ર દેખાડો કે અહમ સંતોષવા પૂરતો જ મર્યાદિત હોય તેવો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. છઝઘ તંત્ર દ્વારા તાજેતરમાં યોજાયેલી ફેન્સી નંબરોના ઈ-ઓક્શન (ઈ-હરાજી)માં ઊંચી બોલી લગાવ્યા બાદ નિયત સમયમર્યાદામાં નાણાં ન ચૂકવનારા ૪૨ જેટલા વાહનધારકો સામે છઝઘ તંત્રએ કડક હાથે કામ લીધું છે. આ તમામ ૪૨ વાહનધારકોની ડિપોઝીટની રકમ જપ્ત કરી લેવામાં આવી છે. તંત્રની આ આકરી કાર્યવાહીથી ફેન્સી નંબરના નામે 'ટાઈમપાસ' કે રમત કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં યોજાયેલી ઈ-હરાજી પ્રક્રિયામાં ૧, ૫, ૭, ૯, ૧૧, ૫૫ અને ૧૧૧૧ જેવા અતિ મહત્વના અને ટઈંઙ ગણાતા નંબરો મેળવવા માટે વાહનધારકો વચ્ચે ભારે પડાપડી થઈ હતી. એકબાજુ સાચા ગ્રાહકો આ નંબર મેળવવા ઉત્સુક હતા, ત્યારે બીજીબાજુ




કેટલાક આસામીઓએ અંદરોઅંદરની હરિફાઈમાં આવીને આ નંબરો માટે તોતીંગ (લાખો રૂપિયાની) રકમની ઓફરો કરી દીધી હતી. જો કે, હરાજી પૂર્ણ થયા બાદ જ્યારે આ રકમ છઝઘની તિજોરીમાં જમા કરાવવાનો સમય આવ્યો, ત્યારે આ બોલી બોલનારા આસામીઓ સરનામું બદલીને ગાયબ થઈ ગયા હતા અથવા તો રકમ ભરવામાં હાથ ઊંચા કરી દીધા હતા. નિયમ મુજબ હરાજી પૂરી થયા બાદ નક્કી કરેલા દિવસોમાં ઓક્શનની રકમ ઓનલાઈન ભરી દેવાની હોય છે. વારંવારની મુદ્દત અને સૂચના છતાં ૪૨ આસામીઓએ રકમ ન ભરતા તેમની મૂળ ડિપોઝીટ જપ્ત કરાઈ છે. આનાથી સાચા ખરીદદારોનો સમય બગડ્યો છે, જે સાંખી લેવાશે નહીં.

છઝઘના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ૪૨ વાહનધારકોની બેજવાબદારીભર્યા વલણને કારણે જે ખરેખર નિયમબદ્ધ પૈસા ભરીને નંબર લેવા માંગતા હતા તેવા અન્ય વાહનચાલકો અન્યાયનો ભોગ બન્યા છે. જો આ બોલી બોલનારાઓએ ખોટી રીતે ભાવ ન વધાર્યા હોત તો આ નંબરો બીજા કોઈને મળી શક્યા હોત. હવે છઝઘ તંત્ર દ્વારા આ તમામ જપ્ત થયેલા ટઈંઙ અને ફેન્સી નંબરોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં આ સીરીઝના નંબરો માટે ફરીથી 'રી-ઓક્શન' (પુનઃ હરાજી) યોજવામાં આવશે. ફેન્સી નંબરની ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા માટે દરેક અરજદારે નિયત કરેલી બેઝ પ્રાઈઝ (પાયાની કિંમત) અને રજીસ્ટ્રેશન ફી ચૂકવવી પડે છે. હરાજીમાં જેની બોલી સૌથી ઊંચી હોય તેને વિજેતા જાહેર કરાય છે. વિજેતાએ હરાજીના બાકીના નાણાં ૫ થી ૭ દિવસમાં ઓનલાઈન પોર્ટલ પર ચૂકવવાના રહે છે. જો આ સમયગાળામાં નાણાં ન ચૂકવાય, તો સિસ્ટમ ઓટોમેટિકલી લાયસન્સ/નંબર બ્લોક કરી દે છે અને ભરેલી ડિપોઝીટ સરકાર હસ્તક જપ્ત થઈ જાય છે.

# આપત્તિ વ્યવસ્થાપન માટે ૧૦૦ ક્રેન અને ૬૦૦થી વધુ ડમ્પરો

## રાજકોટ જિલ્લા પ્રશાસન એલર્ટ : ખેતીની જમીન અને પાક નુકસાનીની સંભાવનાને પગલે ૭૧ સર્વે ટીમો કાર્યરત

રાજકોટ, તા. ૧૦

રાજકોટ જિલ્લામાં સંભવિત આપત્તિ અને ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં તાકીદની રાહત અને બચાવ કામગીરી શરૂ કરી શકાય તે માટે પ્રશાસન દ્વારા આગોતરું આયોજન કરી દેવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જિલ્લામાં ૧૦૦ જેટલી ક્રેન અને ૬૦૦થી વધુ ડમ્પરોની યાદી તૈયાર રાખીને તેના માલિકોને સ્ટેન્ડબાય રહેવા સૂચના આપી દેવામાં આવી છે.

ભારે વરસાદ કે વાવાઝોડા જેવી સ્થિતિમાં વૃક્ષો ધરાશાયી થવા અથવા ભેખડો ધસી પડવાને કારણે વાહનવ્યવહાર ખોરવાય નહીં તે માટે આ ક્રેન અને ડમ્પરોની મદદ લેવાશે. મહાપાલિકા અને માર્ગ-મકાન વિભાગના સંકલન સાથે જે-તે વિસ્તાર વાઈઝ જેસીબી, ક્રેન અને ડમ્પરોના લોકેશન પણ ટ્રેક કરી લેવાયા છે, જેથી જરૂર પડ્યે ગણતરીની મિનિટોમાં ઓપરેશન શરૂ કરી શકાય.ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની જમીન ધોવાણ અને પાક નુકસાનીની ભીતિને પગલે ખેતીવાડી વિભાગ દ્વારા અત્યારથી જ ૭૧ જેટલી સર્વે ટીમોની રચના કરી દેવામાં આવી છે. સ્થિતિ સામાન્ય થતાં જ આ ટીમો તાકીદે મેદાનમાં ઉતરીને નુકસાનીનો આંકડો તૈયાર કરશે, જેથી ખેડૂતોને સમયસર સહાય મળી શકે.

ભારે વરસાદને કારણે ગ્રામ્ય અને હાઈવેના કયા રૂટો બંધ છે તેની સચોટ માહિતી મુસાફરોને મળી રહે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા ખાસ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. નીચાણવાળા વિસ્તારો કે કોઝવે પાણીમાં ડૂબેલા હોય તેવા રૂટો પર એસ.ટી. બસોની અવરજવર તુરંત બંધ કરીને વૈકલ્પિક રૂટની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ તમામ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રો અને મામલતદાર કચેરીઓને પરસ્પર સંકલનમાં રહીને કામ કરવા આદેશ અપાયા છે.

ચોમાસાના પ્રારંભે ખેડૂતો દ્વારા વાવણી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હોય છે ત્યારે વાવાઝોડા,પૂર કે અતિભારે વરસાદના કારણે ખેતીની જમીન કે પાકને નુકસાન થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને ૭૧ જેટલી સર્વે ટીમોની રચના કરવામાં ખેતીવાડી વિભાગ દ્વારા કરવામાં આવી છે. ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદ/ વાવાઝોડાની સ્થિતિમાં લોકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્તરે આગોતરી તૈયારીઓ કરવામાં આવી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પોલીસને બચાવજો !

## રક્ષકો જ સુરક્ષિત નથી, પોલીસ પર સતત હુમલા




રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી હદે કથળી ગઈ છે કે હવે જનતાની સુરક્ષા કરનારા રક્ષકો ખુદ અસુરક્ષિત બન્યા છે. ગુનેગારોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી, જેના કારણે રક્ષકો પર સતત હિંસક હુમલા થઈ રહ્યા છે. તાજેતરમાં રાજકોટમાં નજીવી બાબતે એક પોલીસ જમાદારના પરિવારને નિશાન બનાવવામાં આવ્યો હતો. આ હુમલા દરમિયાન અસામાજિક તત્વો દ્વારા બેફામ ફાયરિંગ કરીને કૃષ્ણસિંહ નામના યુવાનની ઘાતકી હત્યા કરવામાં આવતા ચારેબાજુ ચકચાર મચી ગઈ છે.

આ ઘટના સાબિત કરે છે કે બેજવાબદાર તંત્રના કારણે પોલીસની ધાક સાવ ઓસરી ગઈ છે અને હવે પોલીસ પરિવારો પણ પોતાના ઘરમાં સુરક્ષિત નથી.

છેલ્લા એક જ મહિનામાં સૌરાષ્ટ્રમાં પોલીસ પર અનેક મોટા હુમલાની ઘટનાઓ સામે આવી છે. વેરાવળમાં જુગાર ક્લબ પર રેડ કરવા ગયેલી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પર બુટલેગરો અને જુગારીઓ દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો હતો. આ સિવાય ભાવનગરના ઘોઘા તાલુકાના ગુંદી ગામે વાહન ચેકિંગ દરમિયાન પોલીસ ટુકડી પર પથ્થરમારો કરાયો, જેના પગલે ડ્રોનથી સર્ચ ઓપરેશન કરવું પડ્યું હતું. અમરેલીના રાજુલા પાસેના ખેરા ગામે અપહરણના ભોગ બનેલા વ્યક્તિને છોડાવવા ગયેલી પીપાવાવ મરીન પોલીસ પર પચાસ લોકોના ટોળાએ ઘાતક હુમલો કર્યો, જેમાં પીએસઆઈ સહિત ત્રણ પોલીસકર્મીઓ લોહીલુહાણ થયા હતા.

મોરબીના બહાદુરગઢ ગામે પણ દારૂના દરોડા દરમિયાન એસએમસીની ગાડીઓ પર પથ્થરમારો કરીને બુટલેગરો નાસી છૂટ્યા હતા. જ્યારે રાજકોટના કોટડા સાંગાણીના નારણકા ગામે અને ચોટીલાના જીવાપર ગામે દેશી દારૂની ભઠ્ઠીઓ પર રેડ દરમિયાન પોલીસ પર લાકડીઓથી હુમલો કરી આરોપીઓને છોડાવી જવાની ઘટનાઓ બની છે.

ગુનાખોરી આ હદે હાવી થઈ ગઈ હોવા છતાં રાજકોટ કે સૌરાષ્ટ્રમાં ગુન્હાખોરી સામે કોઇ નક્કર રણનીતિ નથી. રાજકોટના પોલીસ કમિશનર સામાન્ય લોકોની તો ઠીક, પોતાના પોલીસ સ્ટાફ કે તેમના પરિવારની સુરક્ષાની ગેરંટી પણ આપી શકતા નથી. પોલીસ લોકોની રક્ષા માટે રાત-દિવસ દોડે છે, પણ જો રક્ષકો જ અસુરક્ષિત હશે તો સમાજનું શું થશે? રાજકોટ અને સૌરાષ્ટ્રમાં કાયદો વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવા માટે હવે નક્કર રણનીતિ અનિવાર્ય બની છે. જો લોકોએ ખરેખર સલામત રહેવું હોય, તો તંત્રની આ નિષ્ક્રિયતા સામે અવાજ ઉઠાવવો જ પડશે.

# રામ મંદિરમાં દાન ગણતરીમાં સામેલ ૨૦થી વધુ કર્મચારીઓના રાજીનામા

## પગાર ન મળવાને કારણે સામૂહિક રાજીનામા પડ્યા

નવીદિલ્હી, તા. ૧૦

રામ મંદિરમાં પ્રસાદ ગણતા ૨૦ થી વધુ કામદારોએ નોકરી છોડી દીધી છે. તેમનો દાવો છે કે કામનો ભાર વધ્યો છે, પરંતુ ચુકવણી કરવામાં આવી નથી. આનાથી તેઓ ગુસ્સે થયા, જેમણે આટલા મોટા પાયે રાજીનામું આપ્યું. હવે, બે શિફ્ટને બદલે, પ્રસાદ એક જ શિફ્ટમાં ગણવામાં આવશે. અગાઉ, પ્રસાદની ગણતરી બે શિફ્ટમાં થતી હતીઃ સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી અને બપોરે ૨ થી રાત્રે ૮ વાગ્યા સુધી. સ્ટાફની અછતને કારણે, આ સમય સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી ઘટાડીને એક જ શિફ્ટ કરવામાં આવ્યો છે. બીજી અને પહેલી શિફ્ટના બાકીના કામદારોને મર્જ કરવામાં આવ્યા છે, જેના કારણે ૧૫-૧૬ લોકોની ટીમ બાકી છે. ટીમમાં નવા સભ્યો જોડાય ત્યાં સુધી આ વ્યવસ્થા રહેશે. બાકીના કામદારો પર કામનો ભાર પણ વધશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આજથી, બીજી શિફ્ટમાં કામ કરતા કામદારોને સવારે ૧૦ વાગ્યે પાછા બોલાવવામાં આવ્યા છે. જેમ જેમ જંઈઝ રામ મંદિર ચોરી કેસમાં તેની તપાસનો વિસ્તાર કરી રહી છે, તેમ તેમ ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. જંઈઝ મુજબ, આરોપીઓએ પૈસા કમાવવા માટે ચોરાયેલા દાનના નાણાંનો એક ભાગ શેરબજારમાં રોકાણ કર્યો હતો. તેમણે લોકોને વ્યાજ પર પણ કેટલાક પૈસા ઉછીના આપ્યા હતા. પોલીસ આ દ્રષ્ટિકોણથી આરોપીઓને ઓળખતા લોકોના ખાતાઓની પણ તપાસ કરી રહી છે. જંઈઝ ને જાણવા મળ્યું છે કે બે વરિષ્ઠ અધિકારીઓ, ભૂતપૂર્વ ટ્રસ્ટ સભ્ય અનિલ મિશ્રા અને ગણતરીના પ્રભારી સુભાષ શ્રીવાસ્તવે દાન પ્રણાલીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ સુરક્ષા નિયમોને યોગ્ય રીતે લાગુ



કરવામાં નિષ્ફળ ગયા હતા, જેના કારણે મંદિરમાં મળેલા દાનની ચોરી અને ઉચાપત થઈ હતી. જંઈઝ મુજબ, અનિલ મિશ્રા ટ્રસ્ટની તમામ નાણાકીય અને દાન સંબંધિત પ્રવૃત્તિઓમાં કેન્દ્રિય હતા.

તેમણે નાણાકીય બાબતોનું નિરીક્ષણ કર્યું, રોકડ સંગ્રહ પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું અને બેંકમાં દાનની ગણતરી અને જમા કરાવવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (જીઙ) તૈયાર કરવામાં ટ્રસ્ટ વતી કામ કર્યું. તપાસકર્તાઓ કહે છે કે આ કારણે, સ્થાપિત સુરક્ષા નિયમોના યોગ્ય અમલીકરણની ખાતરી કરવા માટે અનિલ મિશ્રા સીધા જવાબદાર હતા. જંઈઝ રિપોર્ટમાં જણાવાયું છે કે અનિલ મિશ્રાને આંતરિક સ્ત્રોતો દ્વારા જાણવા મળ્યું કે કર્મચારીઓની યોગ્ય રીતે શોધ કરવામાં આવી રહી નથી. તેમ છતાં, તેમણે આ નિયમો લાગુ કરવા અથવા સુરક્ષા મજબૂત કરવા માટે કોઈ લેખિત સૂચનાઓ જારી કરી નથી. જંઈઝ ને એ પણ જાણવા મળ્યું કે તે બાયોમેટ્રિક હાજરી, ફરજિયાત ડ્રેસ કોડ, ગણતરી રૂમમાં વ્યક્તિગત સામાન લાવવા પર પ્રતિબંધ, હુન્ડી મુજબ ગણતરી, નોટોના મૂલ્યના આધારે દસ્તાવેજો અને દૈનિક રિપોર્ટિંગ લાગુ કરવામાં નિષ્ફળ ગયો હતો.

રામ મંદિરમાં દાન ગણતા ૨૦ થી વધુ કર્મચારીઓએ તેમની નોકરી છોડી દીધી છે. તેમનો આરોપ છે કે તેમને વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો હતો પરંતુ તેમને પગાર આપવામાં આવ્યો ન હતો. પરિણામે, ગણતરી હવે બે શિફ્ટને બદલે એક શિફ્ટમાં કરવામાં આવશે. જંઈઝ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપીએ ચોરાયેલા દાનના નાણાં શેરબજારમાં રોકાણ કર્યા હતા.

# ખામેનીના અંતિમ સંસ્કારમાં મોટી ભીડ ઉમટી



**ઈરાનના ટોચના નેતાઓ રહ્યા ગેરહાજર : ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મુજતબાનો પણ ન રહ્યા હાજર**

નવીદિલ્હી, તા. ૧૦

ઈરાને તેના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીને અંતિમ વિદાય આપી છે. ખામેનીને ૯ જુલાઈના રોજ મશહાદમાં દફનાવવામાં આવ્યા હતા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યુએસ-ઈઝરાયલી હવાઈ હુમલામાં તેમનું મોત થયું હતું. ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન સૌથી નોંધપાત્ર ઘટના તેમના પુત્ર મુજતબાની ગેરહાજરી હતી. જોકે, પરિવારના અન્ય સભ્યો હાજર રહ્યા હતા, પરંતુ સુરક્ષા કારણોસર મુજતબા હાજર રહ્યા ન હતા. જોકે, અંતિમ સંસ્કારમાં લાખો લોકોની ભીડમાં ઘણા અગ્રણી ઈરાની રાજકીય વ્યક્તિઓની ગેરહાજરીથી દેશના રાજકીય ભવિષ્ય અને એકતા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા. ઘણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ ખામેનીના અંતિમ સંસ્કારમાં ગેરહાજર રહ્યા હતા, જેમાં સુધારાવાદી નેતાઓ મોહમ્મદ ખાતામી અને હસન રૂહાનીનો સમાવેશ થાય છે, જેમની સાથે ખામેનીને લાંબા સમયથી મતભેદ હતા.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદ પણ ખામેનીના અંતિમ સંસ્કારમાં ગેરહાજર રહ્યા હતા. ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા સાથેના તેમના સંબંધો પણ બગડ્યા હતા. જો કે, તેઓ ૬ જુલાઈ, સોમવારના રોજ ખામેનીની અંતિમ સંસ્કારમાં દેખાયા હતા. વર્ષો સુધી રાજકીય સ્પોટલાઇટથી દૂર રહ્યા પછી આ તેમનો પ્રથમ જાહેર દેખાવ હતો. ખામેનીના અંતિમ સંસ્કારમાં આ અગ્રણી નેતાઓની ગેરહાજરીથી ઈરાની અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવતી રાજકીય એકતાની છબી વિશે નવા પ્રશ્નો ઉભા થયા. જોકે, નિષ્ણાતો કહે છે કે ઈરાની અધિકારીઓએ જાણી જોઈને વર્તમાન નેતૃત્વની નજીકના લોકો સુધી ભાગીદારી મર્યાદિત કરી હતી.

અમેરિકા સ્થિત ઈરાન નિષ્ણાત અને નસ્ત્રવોટ ઈરાનીઝ વોન્ટસ્ત્રસ્ત્ર ના લેખક અરશ અઝીઝીએ જણાવ્યું હતું કે આયોજકો ખામેનીના અંતિમ સંસ્કારમાં સુધારાવાદી રાજકારણ સાથે સંકળાયેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓનો સમાવેશ કરીને રાજકીય એકતા દર્શાવી શક્યા હોત.

તેના બદલે, તેમણે શાસનના ફક્ત મુખ્ય અને ઉચ્ચ અધિકારીઓને જ સામેલ કરવાનો નિર્ણય લીધો. ઇન્ટરનેશનલ ક્રાઇસિસ ગ્રુપના ઈરાન પ્રોજેક્ટ ડિરેક્ટર અલી વાયેઝે સમજાવ્યું કે તેના સર્વોચ્ચ નેતાને ગુમાવ્યા પછી પણ, તેહરાન એ દર્શાવવા માંગતો હતો કે તેની સિસ્ટમ કાર્યરત રહેશે અને તે શાસનની સાતત્ય જાળવી શકે છે.

મોટી ભીડ અને કાળજીપૂર્વક ગોઠવાયેલા વિદાય સમારંભો આ તરફ નિર્દેશ કરે છે. જો કે, સમારંભમાં દેશની નોંધપાત્ર ગેરહાજરી વિશ્વને એ પણ કહે છે કે તેનું નેતૃત્વ ખૂબ જ અસુરક્ષિત છે અને દરેકને સાથે લઈ જવા માટે કોઈ પ્રયાસ કરી રહ્યું નથી.ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીને મશહદમાં દફનાવવામાં આવ્યા હતા. તેમના અંતિમ સંસ્કારમાં ઘણા અગ્રણી ઈરાની રાજકીય વ્યક્તિઓ ગેરહાજર રહ્યા હતા, જેના કારણે ઈરાનના રાજકીય ભવિષ્ય અને એકતા પર પ્રશ્નો ઉભા થયા હતા. ખામેનીના પુત્ર, સર્વોચ્ચ નેતા મોજતબા ખામેની પણ ખામેનીના અંતિમ સંસ્કારમાં ગેરહાજર રહ્યા હતા.

# આર્મી ચીફ ધીરજ સેઠ પૂંછ-રાજૌરીની મુલાકાતે

## ઓપરેશનલ તૈયારીઓની કરી સમીક્ષા : જમ્મુના અનેક વિસ્તારોની લીધી મુલાકાત

નવીદિલ્હી, તા. ૧૦

આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે ૭ થી ૯ જુલાઈ સુધી નોર્ધન કમાન્ડની ત્રણ દિવસની મુલાકાત લીધી હતી. આર્મી ચીફનો પદ સંભાળ્યા પછી આ તેમની નોર્ધન કમાન્ડની પહેલી મુલાકાત હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ, ઓપરેશનલ તૈયારીઓ અને સેનાની લડાઇ ક્ષમતાની સમીક્ષા કરી. તેમણે શ્રીનગર, કુપવાડા, ઉરી, માનસબલ, પૂંચ, રાજૌરી અને સુંદરબની સહિત અનેક લશ્કરી થાણાઓ અને આગળના વિસ્તારોની મુલાકાત લીધી. શ્રીનગરમાં, આર્મી ચીફને નોર્ધન કમાન્ડ અને ચિનાર કોપ્ર્સની ઓપરેશનલ તૈયારીઓ વિશે માહિતી આપવામાં આવી. તેમણે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર અને મુખ્યમંત્રી સાથે પણ મુલાકાત કરી અને સુરક્ષા, શાંતિ અને સંકલન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી.





ચિનાર કોપ્ર્સ હેડક્વાર્ટરમાં, જનરલ ધીરજ સેઠે આતંકવાદ વિરોધી કામગીરી, સુરક્ષા વ્યવસ્થા, અન્ય એજન્સીઓ સાથે સંકલન અને અમરનાથ યાત્રા માટે સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે નવી ટેકનોલોજી અપનાવવા અને સેનામાં ઓપરેશનલ ક્ષમતાઓ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.કુપવાડા, ઉરી અને માનસબલમાં, આર્મી ચીફે કજ્ઞઈ ની સુરક્ષા, સર્વેલન્સ સિસ્ટમ્સ, ફિલ્ડ ઇનોવેશન્સ અને આતંકવાદ વિરોધી ગ્રીડની સમીક્ષા કરી. તેમણે સૈનિકો સાથે મુલાકાત કરી અને તેમની હિંમત, સમર્પણ અને વ્યાવસાયિકતાની પ્રશંસા કરી. મુલાકાત દરમિયાન, આર્મી ચીફે સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજી અને નવીનતાઓના પ્રદર્શનની પણ મુલાકાત લીધી. તેમણે ભાર મૂક્યો કે ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સેનાએ ઝડપથી નવી ટેકનોલોજી અપનાવવી જોઈએ. ત્યારબાદ, જનરલ ધીરજ સેઠે પૂંછ, રાજૌરી અને સુંદરબની સેક્ટરમાં કજ્ઞઈ પર વ્હાઇટ નાઈટ કોપ્ર્સ હેડક્વાર્ટર અને આગળના વિસ્તારોની મુલાકાત લીધી. અહીં, તેમણે સરહદ પર સુરક્ષા પરિસ્થિતિ, આતંકવાદ વિરોધી ગ્રીડ, માળખાગત વિકાસ અને સેનાની ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી.આર્મી ચીફે ભારતના પ્રથમ સરહદી ગામોમાં ચાલી રહેલી જાહેર કલ્યાણ અને વિકાસ પ્રવૃત્તિઓની પણ સમીક્ષા કરી. તેમણે સ્થાનિક લોકો સાથે સેનાના જોડાણ અને રાષ્ટ્ર નિર્માણમાં સૈનિકોની ભૂમિકાની પ્રશંસા કરી. મુલાકાતના સમાપન કરતાં, જનરલ ધીરજ સેઠે ભારતીય સેના અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (ઈઅઙ્ર્ક) ના તમામ કર્મચારીઓની પ્રશંસા કરી, તેમને નસ્ત્રરાષ્ટ્ર પ્રથમસ્ત્રસ્ત્ર ભાવના સાથે સંપૂર્ણપણે તૈયાર રહેવા અને નસ્ત્રવિકસિત ભારત ૨૦૪૭સ્ત્રસ્ત્ર ના વિઝનને અનુસરવામાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી. આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે, ઉત્તરી કમાન્ડની તેમની પ્રથમ મુલાકાતમાં, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ, ઓપરેશનલ તૈયારીઓ અને લડાઇ ક્ષમતાઓની સમીક્ષા કરી. તેમણે શ્રીનગર, કુપવાડા અને નિયંત્રણ રેખા સહિત અનેક આગળના વિસ્તારોની મુલાકાત લીધી, આતંકવાદ વિરોધી કામગીરી અને નવી તકનીકો પર ભાર મૂક્યો. તેમણે સૈનિકો સાથે પણ મુલાકાત કરી અને તેમને પ્રોત્સાહન આપ્યું.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ કબંધ (ભાગ ૪)

## જેને પોતાની ભૂખની જ પડી છે, એ સ્વ ઉદર કેન્દ્રીય વૃત્તિ કબંધ છે!



માનસ કબંધની ચોથા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે ત્રણ ફલાવર્સનો પ્રશ્ન છે કે, કબંધનું મુખ પેટમાં હતું, અને આંખ પણ પેટમાં હતી, તો આજના સંદર્ભમાં એનો કેવો અર્થ કરી શકાય?; દેશકાળ પ્રમાણે એનો અર્થ બદલી જાય છે, અને ન બદલે તો બદલવો પડે! કારણ કે દરેકમાં પરિવર્તન સ્વીકાર્ય હોવું જોઈએ. ગઈકાલે સાંજે અમે બેઠા હતાં અને પાંચ દસ લોકો સાથે હું વાત કરી રહ્યો હતો કે બુદ્ધ પુરુષના વચનોને અંતિમ ન સમજવા, આવતીકાલે એ બીજું સૂત્ર ઉઠાવશે!; જે નિત નૂતન હશે. મને મારા શ્રોતાઓ પણ રોજ નવા લાગે છે, અને તમે પણ એવી આંખથી જોશો તો વ્યાસપીઠ પણ રોજ નવી લાગશે.

કબંધ તો વેદકાલીન છે, એ જ સંબંધ વાલ્મિકી રામાયણમાં પણ છે, ક્યાંક ક્યાંક પુરાણમાં પણ એનો ઉલ્લેખ થાય છે. વેદકાલીન કબંધ સુમંતનો પુત્ર, મુની સ્થૂલસીરાનો શ્રાપ ભોગવતો કબંધ, ઈન્દ્રનો શ્રાપ ભોગવતો કબંધ અને દુર્વાસા દ્વારા દંડિત માનસનો કબંધ! પરંતુ આજે પણ આપણી સામે કબંધનું રુપ ભલે એ નથી, પણ વૃત્તિ દેખાય છે. આજના સંદર્ભમાં એનો અર્થ જેનું મુખ પેટમાં અને જેની આંખ પેટમાં! એટલે કે જે પોતાનાં પેટની ભૂખ જ જુએ છે, જેને પોતાની ભૂખની જ પડી છે, એ ઉદર કેન્દ્રીય વૃત્તિ કબંધ છે. જેની આંખ પેટમાં છે, એટલે કે ઘણાની દ્રષ્ટિ જ પોતાનાં લાભ પૂરતી સીમિત હોય, એ પણ કબંધ વૃત્તિ છે.

આપણી પાસે જે કંઈ છે એ વૈશ્વિક સંપદાનો હિસ્સો છે, એનો વિશ્વમંગલ માટે ઉપયોગ કરવો જોઈએ! તો આપણી કમાણી કોઈની સેવામાં કે ઉપયોગમાં ન આવે, તો આપણે કબંધ છીએ, અને વર્તમાન દેશકાળ અનુસાર કબંધનું આવું અર્થ ઘટન કરવું પડે. ભાગવત કથા એવો વિવેક આપે કે, આપણે કબંધ પણા માંથી બહાર આવીએ. માનસમાં જેનું વિકૃત વર્ણન છે. એ કબંધ હકીકતમાં વિશ્વાવસુ ગંધર્વ છે, એની માતાનું નામ શ્રી નામક અપ્સરા છે! જે માણસ સુંદર પણ છે, સંપત્તિ પણ ઘણી છે, સમજ પણ ઘણી ઊંચી છે, પ્રતિષ્ઠા પણ ઘણી છે, પરંતુ એ કેવળ પોતાનાં પેટનું જ વિચારે છે, અને એનો દ્રષ્ટિકોણ કેવળ પોતાના પૂરતો જ મર્યાદિત હોય, તો સમજવું કે માણસ કબંધ પણાથી શાપિત છે. એક બીજી વાત એવી પણ જાણવામાં આવી છે કે વિશ્વાવસુ વિષ્ણુનો ઉપાસક હતો, અને શિવ નિંદક, એનામાં માનસનાં કાગભુશુંડિ જેમ શિવ અને વિષ્ણુ માટે ભેદ બુદ્ધિ હતી. કબંધની કથા આપણને શીખવે છે કે, પરમ તત્વ માટે ક્યારેય ભેદ કરવો નહીં! એવું કરવાથી કબંધ પણું આવી જાય ! ક્યાં રુપવાન વિશ્વાવસુ ગંધર્વ, અને ક્યાં કબંધનું કુરુપ! પરંતુ એ જ વિશ્વાવસુ શાપિત થયો, રાક્ષસ બન્યો એટલે શિવ ઉપાસક બન્યો, અને વિષ્ણુ નિંદક! આમ વારંવાર ભેદ કરવો એ પણ કબંધ પણું છે.

માનસમાં દુર્વાસા ઋષિનાં શ્રાપની વાત આવે છે, અને ગંધર્વ રુપે એ સંગીતજ્ઞ હતો, ગંધર્વોનું ગાન ખૂબ પ્રખ્યાત છે. એક સંગીતની મહેફિલમાં વિશ્વાવસુ ગાન કરી રહ્યો હતો, અને ઋષિ દુર્વાસા પણ ત્યાં હાજર હતાં, પણ એમણે ગંધર્વને દાદ આપી નહીં! એને ખરાબ લાગ્યું, અને એણે કહ્યુ કે જેને સંગીતનાં સૂરનું જ્ઞાન હોય એમણે સંગીતની મહેફિલમાં આવવું જોઈએ! ઋષિ હોવા છતાં દુર્વાસાનો સ્વભાવ જરાં તામસી હતો, અને એમણે વિશ્વાવસુને શ્રાપ આપ્યો, કે તું ગંધર્વ શ્રેણી માંથી અસૂર શ્રેણીમાં ચાલ્યો જઈશ, અને આમ એ અસૂર બને છે, પણ રામ ચરણનાં દર્શનથી આ શ્રાપ માંથી મુક્તિ મળશે.

એક શ્રોતાનો પ્રશ્ન છે, બાપુ ઓશોને સાંભળું છું, અને એમના મુખે સાંભળ્યું છે કે સાધકને જ્ઞાન પ્રાપ્તિ માટે, સાધના દ્વારા પૂર્વ જન્મ સુધી લઈ જવામાં આવે છે, અને ઓશો એક મહિલાને પૂર્વ જન્મ સુધી લઈ ગયાં હતાં. બાપુ તો શું આવી પૂર્વ જન્મની કોઈ અવધારણા હોય છે? હાં પૂર્વ જન્મ હોય છે! કૃષ્ણ કહે છે પછી વાત ખતમ! નસ્ત્રબહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુનનસ્ત્ર. અર્જુન તારાં મારાં ઘણાં જન્મો વીત્યા છે. સ્વર્ગ કલ્પના છે, ધરતી હકીકત છે, અને આપણે અનંત જન્મો લઈશું! ઓશો કહેતા કે એક ફકીરને કોઈએ પૂછ્યું કે આપ સ્વર્ગમાં જશો? એણે કહ્યું જરૂર જઈશ, આપ સ્વર્ગમાં માનો છો?; એણે કહ્યું માનતો નથી, પરંતુ હું જ્યાં જઈશ ત્યાં સ્વર્ગ બનાવી દઈશ. માટે હું પૂર્ણપણે પૂર્વ જન્મમાં અને પુનર્જન્મ માં માનું છું.

બીજો પ્રશ્ન એક મહિલાનો છે, અને એ જણાવે છે કે એ ઓશોની સંન્યાસીની છે. આપનાં મુખેથી કોઈ સારો સંદેશો આપો! શું પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ પસંદ કરવામાં પતિની સ્વીકૃતિ? પુત્રની સંમતિ? કે સમાજની માન્યતાની મહોર મારવી આવશ્યકતા છે? બિલકુલ નહીં, જો તમારી મંઝિલ પરમાત્મા હોય તો પતિની સ્વીકૃતિ, પુત્રની સંમતિ, કે સમાજની માન્યતાની જરૂર નથી. પરંતુ શરૂ શરૂમાં આપણું લક્ષ્ય પરમાત્મા હોય છે, પણ વચ્ચે આપણે ભટકી જઈએ છીએ, માટે થોડું ધૈર્ય ધારણ કરો. મહાવીર સ્વામીએ સન્યાસ લેવાની બહુ જ જીદ કરી, ત્યારે એમની માતાએ કહ્યું કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી સંન્યાસ ન લે, તો એ રોકાઈ ગયા હતાં! મા નારાજ થશે! ભાઈઓ નારાજ થશે! એમ ધૈર્ય રાખો, ઉતાવળ ન કરો! આ કળિયુગ છે, બહેનોએ તો ખાસ આવા નિર્ણયો માટે ઉતાવળ કરવી નહીં. પરમાત્માની પ્રાપ્તિ ઈન્સ્ટન્ટ થતી નથી! પતિની સાથે રહેવાથી આપની પરમાત્મા પ્રાપ્તિની સાધનામાં કોઈ બાધા નહીં આવે, પરંતુ લક્ષ્ય પરમાત્મા હોવું જોઈએ! પરમાત્માને ભીતર પામી શકાય છે બહાર નહીં! આપણે બુદ્ધ નથી કે સુતેલા પુત્રને છોડીને નીકળી જઈએ, બુદ્ધને સાંભળી શકાય બુદ્ધની માફક જીવવું મુશ્કેલ છે, જો પરમાત્મા જ તમારું લક્ષ્ય હોય તો પરમાત્મા જ લેવાં આવશે! એ લઈ જશે! અને એવી કુચી મારા ગુરુજી ને હાથ છે. માનસમાં અંગદને પણ આવી જ લગની લાગી ગઈ હતી, અયોધ્યાનાં રાજ્ય સિંહાસન બાદ જ્યારે પ્રભુએ સૌને વિદાય આપી ત્યારે એમણે સ્પષ્ટ કહ્યું હતું કે મારે આપની સેવા સિવાય બીજું કંઈ ન જોઈએ!; મરતી વખતે મારો બાપ આપને સોંપીને ગયો હતો, પછી મને શું કામ વિદાય આપો છો! હે રાઘવ મારો પ્રભુ પણ તું છે, મારો ગુરુ પણ તું છે, મારી માં પણ તું છે, ને મારો બાપ પણ તું છે, આપના ચરણ કમળ છોડીને હું ક્યાં જાઉં! પ્રભુ પોતાનાં ગળાની માળા અંગદને પહેરાવે છે, અને કહે છે જ્યાં સુધી તારું કર્તવ્ય પૂરું થાય નહીં, ત્યાં સુધી કરતો રહે! માટે હવે તલગાજરડા કહે છે કે બેટા રાજસી, તામસી કે સાત્વિક એક પણ શ્રદ્ધાનો ત્યાગ ન કરો, જ્યારે શ્રદ્ધા ગુણાતીત થશે, ત્યાગ પરિપક્વ થશે, ત્યારે જ હું તને લેવા આવીશ!; થોડું ધૈર્ય રાખો. કથાનાં ક્રમમાં દક્ષ યજ્ઞમાં સતીએ પોતાનો પ્રાણ ત્યાગ કર્યો, એ વાતની જાણ શંકરને થઈ! અને આમ દક્ષ પુત્રી સતીનું ચરિત્ર સમાપ્ત થયું, અને ઉમાનુ ચરિત્ર આગળ વધશે, આમ કહી ચોથા દિવસની કથા અને વિરામ આપ્યો.

**સંકલન. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

નાના મોટા નવા જુના દારૂના બૂટલેગરો, સપ્લાયરો ફરીથી સક્રિયઃ પોલીસના સતત દરોડા

# MPથી આવેલો ૨.૬૫ લાખનો દારૂ જપ્ત

## આજીડેમ પોલીસનો ગોંડલ રોડ સર્વિસ રોડની ઓફિસ પાસે દરોડોઃ જૂનાગઢના શખ્સે મંગાવ્યો હતોઃ બીજી તરફ મોરબી રોડ પર રિક્ષામાં ૧ લાખના દારૂ સાથે બે પકડાયાઃ છુટક દરોડાઓમાં છ શખ્સોની ધરપકડ

રાજકોટ,તા.૧૦

શહેરમાં દારૂની રેલમછેલ કરવા નાના મોટા નવા જુના બૂટલેગરો સક્રિય થઇ ગયા છે. પોલીસ પણ સતત દરોડા પાડી છુટક, જથ્થાબંધ દારૂ પકડી નાના મોટા ધંધાર્થીઓ, સપ્લાયરો, બૂટલેગરોને પકડતી રહે છે. દરમિયાન એક બૂટલેગરે ફરી વખત પાર્સલનો નુસ્ખો અપનાવ્યો હતો. જો કે તે નિષ્ફળ નીવડ્યો હતો. ઈન્દોર-મધ્યપ્રદેશથી પાર્સલની આડમાં રાજકોટ મોકલાયેલો પોણા ત્રણ લાખ આસપાસનો દારૂ આજીડેમ પોલીસે પકડ્યો છે. જુનાગઢના શખ્સને આ દારૂના પાર્સલો મોકલવાના હતાં. બીજી તરફ રિક્ષામાં એક લાખથી વધુનો દારૂ લઇ નીકળેલા બે શખ્સને મોરબી રોડ પરથી બી-ડિવીઝન પોલીસે પકડ્યા હતાં. તો અન્ય છુટક દરોડામાં પાંચ શખ્સો દારૂ સાથે મળ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરની ગોંડલ ચોકડી નજીકથી પાર્સલની આડમાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો આજીડેમ પોલીસ સ્ટેશનના સ્ટાફે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મધ્યપ્રદેશના ઈન્દોરથી કેમિકલના નામે જુનાગઢ મોકલવામાં આવી રહેલો અલગ-અલગ બ્રાન્ડનો રૂા. ૨,૬૫,૬૦૦નો કુલ ૧,૮૨૪ બોટલ ઈંગ્લિશ દારૂ કબ્જે કરાયો હતો. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, પિયુષભાઈ ચિરોડીયા તથા લોક રક્ષક પ્રતિકભાઈ બોરસદીયાને ખાનગી બાતમીદાર તરફથી ચોક્કસ માહિતી મળી હતી કે રાજકોટ ગોંડલ ચોકડી પાસે આવેલ નેશનલ ટ્રાવેલ્સ એન્ડ કાર્ગો નામની ઓફિસની બહાર રોડ ઉપર શંકાસ્પદ પાર્સલો પડેલા છે, જેમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરેલો છે.

આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી દરોડો પાડ્યો હતો. ઓફિસના સંચાલક ભરતભાઈ શામજીભાઈ ઝાલાની હાજરીમાં તપાસ કરતા ઓફિસની બહાર જાહેર રોડ પર ૧૩ જેટલા મોટા પાર્સલો મળી આવ્યા હતા. પોલીસની પ્રથમિક પૂછપરછમાં સામે આવ્યું હતું કે આ પાર્સલો મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેથી 'હરીઓમ એન્ટરપ્રાઈઝ' દ્વારા જુનાગઢ ખાતે આવેલ રાહુલ કેમિકલના નામે મોકલવામાં આવ્યા હતા. જાહેર રોડ પર ટ્રાફિક અને ભીડ હોવાને કારણે પોલીસે તમામ ૧૩ પાર્સલોને આજીડેમ પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં લાવીને ખોલ્યા



હતા. પાર્સલની અંદરથી કેમિકલ કે અન્ય કોઈ કાયદેસરની વસ્તુના બદલે ખાખી બોક્સમાં પેક કરેલો મધ્યપ્રદેશ માર્કાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસે તમામ ૧૩ મોટા પાર્સલમાંથી કુલ ૩૮ ખાખી બોક્સ મેળવ્યા હતા, જેમાં ૧૮૦ મી.લી.ની પ્લાસ્ટિકની સીલબંધ બોટલો ભરેલી હતી. જેમાં બેગ પાઈપર્સ વ્હીસ્કીના ૯૧૨ ચપલા રૂા. ૧,૩૬,૮૦૦ના અને ઓફિસર્સ ચોઈસના ૩૮૪ ચપલા રૂા. ૫૭૬૦૦ના તેમજ લંડન પ્રાઈડ વ્હીસ્કી અને એઈટ પીએમ વ્હીસ્કીના ચપલા મળી કુલ ૨,૬૫,૬૮૦ના ૧૮૨૪ ચપલા મળી આવ્યા હતાં. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ વી. જી. ડોડીયા અને સ્ટાફે વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે દારૂના અન્ય દરોડાઓની વિગતો મુજબ આજીડેમ ચોકડી પાસે આજીડેમના ગેઈટ નજીકથી જયરાજ પ્રવિણભાઇ દુધરેજીયા (રહે. રઘુનંદનના ઢાળીયા પાસે)ને રૂા. ૬૮૬ની કિંમતના એક બોટલ દારૂ સાથે હેડકોન્સ. ભરતભાઇ જોગીયા, દેવાંગભાઇ પાલાએ પકડી લીધો હતો. તેમજ હુડકો ચોકડીથી કોઠારીયા તરફના રસ્તેથી પ્રિતમ ઉર્ફે વિરલ રમેશભાઇ પરાતે (રહે. રામેશ્વર પાર્ક આજીડેમ ચોકડી) અને જીજ્ઞેશ ખોડાભાઇ કનેરા (રહે. ભવાની કોમ્પલેક્ષ આજીડેમ ચોકડી)ને રૂા. ૩૦૦ના દારૂના બે ચપલા સાથે પકડી લેવાયા હતા. તેમજ મોરબી રોડ પર વેલનાથપરા નજીક રેડ રોઝ હોટેલ પાસેથી બે શખસને રિક્ષામાં વિદેશી દારૂના જથ્થા સાથે બી-ડિવીઝન પોલીસે ઝડપી લઇ ૧.૧૫ લાખનો દારૂ અને રિક્ષા કબ્જે કરી વધુ પુછતાછ હાથ ધરી હતી.

જાણવા મળ્યા મુજબ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી પરથી મોરબી રોડ વેલનાથ પરા નજીક રેડ રોઝ હોટેલ પાસે વોચ રાખી જીજે૦૩બીએક્સ-૪૧૯૬ નંબરની રિક્ષા આંતરી લીધી હતી. તેમાં તપાસ કરતાં દારૂનો જથ્થો મળતાં રિક્ષામાં બેઠેલા બે શખ્સોની સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસે અશોક પ્રાગજીભાઇ ચૌહાણ (ઉ.વ.૪૨-રહે. સંજયનગર-૪, સંત કબીર રોડ) અને સુનિલ રણછોડભાઇ બજાણીયા (ઉ.વ.૪૫-રહે. વેલનાથપરા-૧૮)ને પકડી લીધા હતાં. રિક્ષામાંથી રૂા. ૧,૧૫,૨૦૦ના એઇટ પીએમ બ્રાન્ડના વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૩૮૪ ચપલા સાથે પકડી લીધા છે. બી-ડિવીઝનના પોલીસ ઇન્સપેકટર જી. આર. ચૌહાણની રાહબરીમાં પીએસઆઇ એન. પી. ડોબરીયા, ક્રિપાલસિંહ જાડેજા, એન. પી. ચાવડા, જગદીશભાઇ વાંક સહિતની ટીમે આ કામગીરી કરી હતી.

જ્યારે છુટક એવા અન્ય પાંચ દરોડાની વિગતો મુજબ જ્યારે કુવાડવા રોડ ડી. માર્ટવાળા રોડ પર ચીલ્ડ હાઉસ નજીક એક્ટીવા જીજે૦૩એનએસ-૧૩૯૭માં રૂા. ૧૦૦૦ના દારૂના ચાર ચપલા લઇને નીકળેલા યાજ્ઞિક રમણીકભાઇ મોલીયા (રાજારામ સોસાયટી-૪)ને હેડકોન્સ. એસ. ડી. અવાડીયા, કોન્સ. વિજયભાઇ હુંબલે પકડી લીધો હતો. તેમજ ઢેબર રોડ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ નજીક રોડ પરથી રાજેશ કાંતિલાલ રાઠોડ (કડીયાનગર-૬, ગોકુલધામ રોડ)ને રૂા. ૩૫૦ના વ્હીસ્કીના બે ચપલા સાથે એલસીબી ઝોન-૧ના મનરૂપગીરી ગોસ્વામી અને હેડકોન્સ. જે. આર. પરમારે, ઢેબર રોડ અંધજન કલ્યાણ મંડળ નજીકથી મહિપતસિંહ ઉર્ફે મંગો ગંભીરસિંહ વાઘેલા (રહે. અંધજન મંડળ પાસે)ને રૂા. ૧૬૮૦૦ના રોયલ ચેલેન્જ વ્હીસ્કીના ૯૬ ચપલા સાથે મહાવીરસિંહ ચુડાસમા સહિતે પકડ્યો હતો.

જ્યારે નવા થોરાળા અવધ પાર્ક-૩માં રહેતાં ઋત્વીક વિનોદભાઇ મકવાણાને તેના ઘરમાંથી રૂા. ૨૫૮૦ના દારૂના ૧૫ ચપલા સાથે થોરાળા પોલીસ સ્ટેશનના નિલેષભાઇ જાગાણી, જે. બી. જાડેજા સહિતે પકડી લીધો હતો. અમુલ સર્કલ નજીકથી કૃણાલ રાજેશભાઇ ગોહેલ (રહે. રામનાથ મંદિર નજીક)ને રૂા. ૧૮૦૦ની દારૂની ત્રણ બોટલ સાથે જે. પી. નિમાવત, વિક્રમભાઇ લોખીલ સહિતે પકડ્યો હતો. આમ દારૂના ધંધાર્થીઓ પર પોલીસની ધોંસ બોલી ગઇ હતી.

# ખીજડીયા ફાર્મહાઉસ માંથી ૪.૭૧ લાખની મત્તા સાથે ૭ પકડાયા

રાજકોટ,તા.૧૦

જૂગારના દરોડાનો દોર યથાવત રહ્યો હતો. રાજકોટના ખીજડીયા ગામે ફાર્મ હાઉસમાં ચાલતા જૂગારધામ પર કુવાડવા પોલીસે ત્રાટકી ૭ જણાને પકડી ૪.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બજરંગવાડી રાજીવનગરમાં મહિલા સંચાલીત જૂગારધામમાંથી ચાર પકડાયા હતાં. ગોકુલધામ રોડ પર જાહેરમાં જૂગટુ રમી રહેલા ત્રણ ઝપટે ચડી ગયા હતા.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પોલીસે ખીજડીયા ગામના ફાર્મ હાઉસમાં દરોડો પાડી જૂગારધામ ઝડપી લઇ રૂા. ૧,૧૭,૧૦૦ની રોકડ અને કાર મળી ૪,૭૧,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ફાર્મના માલિક સામે જૂગારધામ ચલાવવાનો ગુનો દાખલ કરાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા પોલીસની ટીમ દારૂ-જૂગારની પ્રવૃતિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે કુશલભાઇ જોષી અને ભાવેશભાઇ મકવાણા તેમજ જયદિપભાઇ ધોળકીયાને બાતમી મળી હતી કે ખીજડીયા ગામની સીમમાં આવેલા વૃંદાવન ધામ નામના અભયભાઇના ફાર્મમાં જૂગારધામ ચાલી રહ્યું છે. બાતમી પરથી પોલીસે દરોડો પાડી ફાર્મ હાઉસના માલિક અભય લાલજીભાઈ કમાણી (૧૫૦ ફૂટ રીંગ રોડ, બીગ બાઝાર પાછળ ગુલાબ વિહાર સોસાયટી-૩, રાજકોટ) તેમજ ... લલીત છગનભાઇ ... કમાણી (બિગ ... બાઝાર પાછળ, ગુલાબ વિહાર-૨), નિલેશ શંભુભાઇ ... ઘરડુ સીયા... (પારડી ... ગામ, રાજકોટ), કડવા દેવાભાઈ ચૌહાણ (નવાગામ આણંદપર), રામજી મોતીભાઈ બહુકીયા (રહે. નાકરાવાડી ગામ), રાજેશ વાલજીભાઇ જંજવાડીયા (શુકલ પીપળીયા ગામ) અને રમેશ બાબુભાઈ ધામેચા (રાણપુર નવાગામ)ને પકડી લઇ રોકડ-રેનોલ્ટ ડસ્ટર કાર જીજે૦૩એલએમ-૨૬૩૬ મળી કુલ રૂા. ૪.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. .

આ તમામની પોલીસની પુછપરછમાં સામે આવ્યું કે આ તમામ એકબીજાનો સંપર્ક કરીને સોખડા બાયપાસ સર્કલ પાસે ભેગા થયા હતા અને ત્યાંથી લલીત ... કમાણીની સફેદ કલરની ... ડસ્ટર કારમાં બેસીને ... આ ફાર્મ હાઉસ ... પર જુગાર રમવા ... આવ્યા હતા. ... પીઆઇ એ. ... એન. જાનીની ... રાહબરીમાં ... પીએસઆઇ એસ. ... બી. જાડેજા, ... એએસઆઇ ... કે. વી. જાડેજા, એમ. કે. રબારી, ભાવેશભાઇ મકવાણા, જયદિપભાઇ ધોળકીયા, જયદિપભાઇ મકવાણા, અરવિંદસિંહ ગોહિલ, ભરતભાઇ ઘેડ, પિન્ટુભાઇ, કુશલભાઇ સહિતે આ દરોડો પાડ્યો હતો.



જ્યારે અન્ય દરોડાની માહિતી જોઇએ તો એલસીબી ઝોન-૨ ટીમે બાતમી પરથી બજરંગવાડી રાજીવનગર-૫માં રહેતાં જુબેદાબેન ખમીશભાઇ જુણાચના ઘરમાં દરોડો પાડી તેણીને તથા યુસુફભાઈ અબ્દુલભાઈ સાંધ (રહે. ભોમેશ્વરવાડી શેરી નં. ૧, યુસુફ મંઝિલ, જામનગર રોડ), હસીનાબેન રફીકભાઈ સમા (રહે. બજરંગવાડી રાજીવનગર શેરી નં. ૫) અને સમાબેન રફીકભાઇ સમા (રહે. રેલનગર અવધ પાર્ક-૨)ને પકડી લઇ રૂા. ૧૩૭૦૦ રોકડા કબ્જે લીધા હતાં. પીએસઆઇ એસ. વી. ચુડાસમાની રાહબરીમાં જે. વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, શક્તિસિંહ ગોહિલ, કુલદીપસિંહ રાણા સહિતે આ દરોડો પાડ્યો હતો. ત્રીજા દરોડામાં ગોકુલધામ મઇન રોડ પર દ્વારકાધીશ સોસાયટી-૨ના ખુણે માલવીયાનગર પોલીસ મથકના અજયભાઇ વીકમા, ભાવેશભાઇ ગઢવી સહિતે દરોડો પાડી જસદણના વાવડા ગામના વિપુલ વિઠ્ઠલભાઇ પરમાર, આંબેડકરનગર-૧૫ના ગિરીશ ભગુભાઇ વાઘેલા, કોઠારીયા સોલવન્ટ દ્વારકેશ સોસાયટીના સુરેશ ખીભાઇ વાઘેલાને તિનપત્તી રમતાં પકડી લઇ રૂા. ૧૧૨૦૦ની રોકડ સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી.

# વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હુમલાના ગુનામા આરોપીના જામીન મંજુર

## હાઈકોર્ટ-સુપ્રીમના ચુકાદાઓ ધ્યાનમા રાખી સેસન્સ કોર્ટે આરોપીને છોડ્યા

રાજકોટ, તા.૧૦

વીંછીયા પોલીસ સ્ટેશનમા તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની એક ફરીયાદ ભારતીય ન્યાય સંહીતા તેમજ ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ વિવિધ કલમો મુજબની નોંધવામા આવેલ હતી અને જે સબબ આરોપીઓની ધરપકડ થતા તમામ આરોપીઓને રાજકોટ સેસન્સ કોર્ટમા જામીન મેળવવા અરજી કરતા આરોપીની કોર્ટે જામીન અરજી મંજુર કરી છે.

કેસની વિગતો મુજબ, વિંછીયાના મોઢુકા ગામે રહેતા અને સોમનાથ ચોકડી પાસે મહાકાળી ટી સ્ટોલ એન્ડ પાંન સેન્ટરના નામથી ફરીયાદી યોગેશભાઈ રાજેશભાઈ વેગડ વેપાર કરે છે. ફરીયાદી દ્વારા આંકડીયાના મંગળુભાઈ કારપડા પાસેથી ત્રીસ હજાર માસીક દસ ટકા વ્યાજે લીધા હતા તેમજ સમયસર વ્યાજના પૈસા ના પહોંચાડતા પેનલ્ટી દસ હજાર અલગથી આપવા પડશે તેમ જણાવી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ઓગુભાઈ ચાવડા પાસે એસી હજાર દસ ટકા વ્યાજે લીધા હતા અને ચાલીસ હજાર વ્યાજ આપ્યું હોવા છતાં વધુ માંગતા હોય મારી નાખવાની ધમકીઓ આપતા હતા તેમજ નાગરાજભાઈ ચાવડા પાસેથી પચાસ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા અને તેમણે ચાલીસ હજાર આપી દીધા હોવા છતાં બીજા સાઈઠ હજાર માંગતા હતા અને ધમકીઓ આપતા હતા.



ઉપરાંત મહાવીરભાઈ ચાવડા પાસેથી ત્રીસ હજાર બાર ટકા વ્યાજે લીધા હતા અને તેમણે રકમ આપી દીધી હોવા છતાં બીજા બે લાખ માંગતા હોય અને ધમકીઓ આપતા હતા તેમજ રોહીતભાઈ ચાવડા પાસેથી ચાલીસ હજાર બાર ટકા વ્યાજે લીધા હોય અને અને રકમ ચુકવ્યા છતાં બીજા પચાસ હજારની માંગણી કરતાં હોય અને અવાર નવાર ફરીયાદીની દુકાને આવી પઠાણી ઉઘરાણી કરતાં હોય અને ધમકીઓ આપતા હોય જેની જાણ ફરીયાદીએ તેમના કાકાને કરતાં આ પાંચેય આરોપીઓ વિરૂદ્ધ વિગતવારની ફરીયાદ દાખલ કરાઈ હતી.

ત્યાર બાદ આરોપી મંગલુભાઈ આપાભાઈ કારપડા, નાગરાજભાઈ ભાભલુભાઈ ચાવડા, મહાવીરભાઈ નરેશભાઈ ચાવડા, યોગેશભાઈ ઉર્ફે ઓગુભાઈ પ્રતાપભાઈ ચાવડા આ ચારે આરોપી દ્વારા પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત થવા રાજકોટ સેસન્સ કોર્ટમા અરજી કરી હતી. જે અન્વયે આરોપી વતી રોકાયેલા એડવોકેટએ કરેલી દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવ્યો છે. આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટના સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, પ્રહ્લાદસિંહ બી. ઝાલા, દયા કે. છાયાણી, નીમેશ વી. જાદવ, નિલેશભાઈ કે. તન્ના, રોકાયા હતા.

# હત્યા પ્રકરણનો આરોપી રાજવીર ૪ દિવસના રિમાન્ડ પર

રાજકોટ, તા.૧૦

નાના મવા વિસ્તારમાં, મોકાજી સર્કલ પાસે બાઈક ચલાવવા મુદ્દે ટપોરીને ટપારવા ગયેલા ગરાસીયા સમાજના યુવાનની હત્યાની ઘટનાથી અત્રે ચકચાર જાગી છે. ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.એલ.ડામોર સહિતની ટીમે રણજીત નાજભાઈ વાળા, તેમનો પુત્ર રાજવીર રણજીત વાળા અને બીજો સગીર પુત્ર એમ ત્રણેયને ગણતરીની કલાકોમાં જ સરધાર નજીકથી દબોચી લીધા હતા. દરમિયાન કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજાની ચાર-પાંચ રાઉન્ડ ફાયરીંગ કરી હત્યા નીપજાવનાર રણજીતને પણ ફાયરીંગ દરમિયાન ગોળી વાગી જતા તે ઘાયલ અવસ્થામાં હોસ્પીટલમાં સારવાર લઇ રહ્યો છે. જ્યારે તેમના પુખ્તવયના પુત્રને આજે કોર્ટમાં રજુ કરી ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરતા કોર્ટે સોમવાર સુધીના એટલેકે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. હોસ્પિટલ બિછાનેથી પોલીસ પૂછપરછ દરમિયાન રણજીતે તેમની પાસે લાયસન્સ વગરનું બીજું હથિયાર પણ હોવાની આપેલી કબુલાતને આધારે ૮ જીવતા કાર્ટીસ સાથે તે કબજે કરાયું હોવાનું ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.એલ.ડામોરે રાજકોટ મિરરને જણાવ્યું હતું.

રાજકોટ શહેરના પોશ અને ગીચ એવા નાના મવા વિસ્તારમાં નજીવી બાબતે થયેલી તકરારે એવું ભયંકર અને લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું કે આખા શહેરમાં અરેરાટી સાથે ચકચાર મચી છે. સામાન્ય રીતે રસ્તા પર વાહન ચલાવવા જેવી બાબતમાં શરૂ થયેલો વિવાદ એક ગરાસીયા સમાજના આશાસ્પદ યુવાનની કરપીણ હત્યામાં પરિણમ્યો છે. આ સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે, શહેરના નાના મવા વિસ્તારમાં રહેતા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા પોતાના રહેણાંક વિસ્તારમાં હાજર હતા, ત્યારે ત્યાંથી પૂરપાટ વેગે અને બેફામ ગતિએ બુલેટ મોટરસાયકલ લઈને નીકળેલા રાજવીર રણજીત વાળા નામના શખ્સને કૃષ્ણસિંહે રોક્યો હતો. રહેણાંક વિસ્તારમાં આટલી ભયજનક રીતે વાહન ચલાવવાથી કોઈ અકસ્માત સર્જાઈ શકે છે, તેવી સમજદારીપૂર્વકની શિખામણ આપીને કૃષ્ણસિંહે આ ટપોરીને ટપાર્યો હતો. પરંતુ, પોતાની ભૂલ સ્વીકારીને લાજવાને બદલે રાજવીર વાળા ગાજ્યો હતો અને જરા પણ શરમ રાખ્યા વિના તેણે કૃષ્ણસિંહ જાડેજા સાથે એલફેલ વર્તન કરવાનું શરૂ કરી દીધું હતું. મામલો એટલો ગરમાયો કે રાજવીરે બેફામ ગાળો ભાંડવાનું શરૂ કર્યું, જેના કારણે સ્વાભાવિક રીતે જ ગરાસીયા યુવાન કૃષ્ણસિંહના મગજનો પારો છટક્યો હતો અને તેમણે ગુસ્સામાં આવીને રાજવીરને એક ફડાકો ઝીંકી દીધો હતો.

આસપાસના લોકોને એમ હતું કે ફડાકો પડ્યા પછી અને બોલાચાલી થયા બાદ મામલો અહીં જ થાળે પડી જશે અને બંને પક્ષો વિખેરાઈ જશે,



મૃતક : કૃષ્ણરાજસિંહ હરદેવસિંહ જાડેજા

પરંતુ કોઈએ સપનામાં પણ નહોતું વિચાર્યું કે આ એક લાફાની કિંમત કોઈએ પોતાના જીવથી ચૂકવવી પડશે. અપમાનથી ગિન્નાયેલા અને રોષે ભરાયેલા રાજવીરે ત્યાંથી જ પોતાના પિતા રણજીત નાજભાઈ વાળાને ફોન કરીને ઘટના સ્થળે બોલાવી લીધા હતા. પુત્રનો ફોન આવતા જ પિતા રણજીત વાળા પોતાના હાથમાં હથિયાર લઈને અત્યંત ઉશ્કેરાયેલી હાલતમાં ઘટના સ્થળે ધસી આવ્યા હતા અને આવતાની સાથે જ પરિસ્થિતિને સમજ્યા કે વિચાર્યા વિના સીધું જ ધડાધડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

રણજીત વાળાએ અત્યંત ક્રૂરતાપૂર્વક ચારથી પાંચ રાઉન્ડ ગોળીબાર કરતા કૃષ્ણસિંહ જાડેજા ઢળી પડ્યા હતા અને ઘટના સ્થળે જ તેમની લોથ ઢળી ગઈ હતી, જેનાથી આખા વિસ્તારમાં ભારે નાસભાગ અને દહેશતનો માહોલ સર્જાઈ ગયો હતો. આવા જીવલેણ હુમલા દરમિયાન વચ્ચે પડવા ગયેલા મૃતક કૃષ્ણસિંહના કૌટુંબિક દાદા રહેન્દ્રસિંહ ખુમાનસિંહ જાડેજાને પણ નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આ અંધાધૂંધ ફાયરિંગ અને ઝપાઝપીની ઘટના દરમિયાન ગોળી ચલાવનાર આરોપી રણજીત વાળાને પોતાને પણ ગોળી વાગી ગઈ હતી અને તે પોતે જ ઘાયલ અવસ્થામાં હાલ હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યો છે. આવી ગંભીર અને સનસનીખેજ હત્યાની ઘટનાની જાણ થતાં જ રાજકોટ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.એલ. ડામોર અને તેમની ટીમે ગણતરીની કલાકોમાં જ લોખંડી બંદોબસ્ત અને બાતમીદારોની મદદથી મુખ્ય આરોપી રણજીત નાજભાઈ વાળા, તેના પુત્ર રાજવીર રણજીત વાળા અને સાથે રહેલા બીજા એક સગીર પુત્ર એમ ત્રણેય આરોપીઓને દબોચી લઈને કાયદાનો સકંજો કસ્યો હતો.



આરોપી પિતા રણજીત વાળા ઘાયલ હોવાથી તેને પોલીસ જાપ્તા હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે આ સમગ્ર હત્યાકાંડના મૂળ કારણ એવા તેના પુખ્તવયના પુત્ર રાજવીરની પોલીસે સઘન પૂછપરછ હાથ ધરી હતી. હત્યાના આ ગુનામાં કાવતરું અને અન્ય ગુનાહિત ઈતિહાસ જાણવા માટે આજે પોલીસે આરોપી રાજવીર વાળાને કોર્ટમાં કડક સુરક્ષા વચ્ચે રજૂ કર્યો હતો. પોલીસ દ્વારા વધુ તપાસ માટે ૧૦ દિવસના રિમાન્ડની આકરી માંગણી કરવામાં આવી હતી, જેની સામે કોર્ટે તમામ દલીલો સાંભળીને રાજવીરના આગામી સોમવાર સુધીના એટલે કે ૪ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

દરમિયાન, હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા અને ફાયરિંગ સમયે ઘાયલ થયેલા આરોપી રણજીત વાળાની ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.એલ. ડામોર સહિતની ટીમે યુક્તિ-પ્રયુક્તિથી સઘન પૂછપરછ કરી હતી. હથિયાર સંબંધી વધુ પૂછપરછ કરતા પોલીસને મોટી સફળતા હાથ લાગી હતી. પોલીસની કડક પૂછપરછ સામે આરોપી રણજીતે કબૂલાત આપી હતી કે, તેની પાસે વધુ એક બીજું લાયસન્સ વગરનું હથિયાર પણ છે. તેણે ખુલાસો કર્યો હતો કે આ બીજું ઘાતક હથિયાર તેણે મોટા દેવળિયા ખાતે આવેલી પોતાની વાડીએ સંતાડીને રાખ્યું છે.

આવી કબૂલાતને આધારે ક્રાઈમ બ્રાંચની એક ખાસ ટુકડીએ તાત્કાલિક મોટા દેવળિયા ગામની વાડીએ પહોંચીને સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસની આ તપાસમાં વાડીમાંથી બીજું લાયસન્સ વગરનું ગેરકાયદે હથિયાર અને તેની સાથે ૮ જેટલા જીવતા કાર્ટીસ મળી આવતા પોલીસે તે તમામ મુદ્દામાલ કાયદેસર રીતે કબજે લીધો છે. આ અંગેની સત્તાવાર પુષ્ટિ પીઆઈ એમ.એલ. ડામોરે નસ્ત્રરાજકોટ મિરરસ્ત્રસ્ત્ર સાથેની વાતચીતમાં કરી હતી. હવે આગામી દિવસોમાં જ્યારે મુખ્ય આરોપી રણજીત વાળાની તબિયતમાં સુધારો થશે અને તે સ્વસ્થ થશે, ત્યારે જરૂર પડ્યે ક્રાઈમ બ્રાંચ દ્વારા તેના પણ રિમાન્ડ માંગવામાં આવશે. આ ગેરકાયદેસર હથિયારો ક્યાંથી આવ્યા તે દિશામાં વધુ સાંયોગિક પુરાવાઓ એકત્રિત કરવા પોલીસ દ્વારા સઘન તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

જામનગરના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરે ૩૮ લાખથી વધુના સલ્ફરમાં ડમ્પર ડ્રાઈવરે જીયાણા પાસેના ગોડાઉનમાં ભેળસેળ કરી

# સલ્ફરમાં ભેળસેળ કરવાનું કારસ્તાન ઝડપાયું

## વડોદરાની કંપનીને ભેળસેળીયો સલ્ફર મળતાં રીલાયન્સમાં ફરિયાદ કરીઃ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરે પુરાવા સાથે એરપોર્ટ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવતાં તપાસનો ધમધમાટ

રાજકોટઃ તા.૧૦

ગોલમાલ કરવી હોય તે ગમે તેમ કરીને ગમે તે ધંધામાં કરી લેતાં હોય છે. અવાર-નવાર બની રહેલા આવા બનાવો વચ્ચે હવે ચોંકાવનારી વિશ્વાસઘાતની ઘટના સામે આવી છે. જેમાં જામનગર રિલાયન્સમાંથી ટ્રક ડમ્પરમાં રૂા. આડત્રીસ લાખ પંદર હજારની કિંમતનો સલ્ફર ભરી વડોદરા જીએસએફસીમાં પહોંચાડતા પહેલા ટ્રક ડમ્પરના ડ્રાઈવરે આ ટ્રક કુવાડવા નજીક જીયાણાના ગોડાઉન ખાતે લઇ જઇ તેમાંથી સલ્ફર કાઢી લઇ બીજી ભળતી ચીજવસ્તુ ભેળવી દઇ આ ભેળસેળીયો સલ્ફર વડોદરા કંપનીને પહોંચાડતાં ગોલમાલ-ભેળસેળનું કારસ્તાખ ખુલતાં પોલીસે તપસા શરૂ કરી છે.

વિગતો જોઇએ તવો વડોદરાની કંપનીને પોતાને રીલાયન્સ મારફત પહોંચાડાયેલા સલ્ફરના જથ્થા અંગે શંકા ઉપજતાં નમુનાનું પરિક્ષણ કરાવતાં કંપનીએ રીલાયન્સ કંપનીને ઇ-મેઇલથી ફરિયાદ કરતાં આ મામલે ટ્રાન્સપોર્ટેશનનો કોન્ટ્રાકટ ધરાવતાં જામનગરના ટ્રાન્સપોર્ટ સંચાલકે એરપોર્ટ પોલીસમાં ડમ્પરના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. આ ચાલકે જીયાણા ખાતે ડમ્પર એક ગોડાઉન ખાતે લઇ જઇ ત્યાં સલ્ફર કાઢી લઇ બાદમાં બીજી ભેળસેળ કરી આ ટ્રક વડોદરા પહોંચાડ્યાના પુરાવા ટ્રાન્સપોર્ટ સંચાલકે એકઠા કરી પોલીસને જાણ કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે જામનગરના ઢીંચડા રોડ પર ઓમ સાઇરામ પાર્ક બી-૨૬/૫ ખાતે રહેતાં અને મોટી ખાવડી જામનગર ખાતે ક્રિષ્ના લોજીસ્ટીક નામે ટ્રાન્સપોર્ટેશન કોન્ટ્રાક્ટર તરીકે વ્યવસાય કરતાં આડત્રીસ વર્ષિય પ્રદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદ પરથી ડમ્પર નં. જીજે૦૩સીયુ-૫૧૨૯ના ચાલક પુરખારામ બાલારામ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો.

ફરિયાદમાં આરોપ મુકાયો છે કે જામનગર રિલાયન્સ કંપનીમાંથી ટ્રક ડમ્પરમાં ભરેલો સલ્ફરથો જથ્થો જે તે સ્થળે પહોંચાડવાને બદલે પહેલા કુવાડવા વાંકાનેર હાઇવે પર જીયાણા ગામે જીઆઇડીસીના ગોડાઉનમાં લઇ જઇ સલ્ફર ખકાઢી લઇ તેમાં ભળતી વસ્તુ ભેળવી વડોદરા જીએસએફસી ખાતે ખાલી કરી વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. પ્રદિપસિંહ જાડેજાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મોટી ખાવડી જામનગર ખાતે ક્રિષ્ના લોજીસ્ટીક નામનો ટ્રાન્સપોર્ટેશન કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય કરું છુ અને અમારા ધંધામા ભાગીદાર તરીકે જીતેન્દ્રસિંહ કેશુભા ચુડાસમા છે. અમારી ક્રિષ્ના લોજીસ્ટીક કંપનીને કવીક સપ્લાય ચેઇન પ્રા.લી દ્વારા રીલાયન્સ કંપનીમાંથી વડોદરાની જી.એસ.એફ.સી ખાતે ટ્રક મારફતે સલ્ફર પહોંચાડવાનો કોન્ટ્રાકટ મળેલ છે.

અમારી સાથે ઘણા સમયથી ટ્રક ડમ્પરમાં સલ્ફર લઇ જવાનું કામ કરતા દિવ્યેશભાઇ હસ્તકનુ એક ટ્રક ડમ્પર જેના નં. જીજે૦૩સીયુ-૫૧૨૯ છે તે ટ્રક મારફત રેગ્યુલર જામનગર રીલાયન્સથી




વડોદરા જી.એસ.એફ.સી ખાતે સલ્ફર લઇ જતા હતાં. બાદમાં આ દિવ્યેશભાઈએ આ ટ્રક ડમ્પર અમારા ટ્રાન્ફોર્ટેશનમાં ચલાવાનુ બંધ કરી દીધુ હતું. ગત તા. ૧૬/૦૬/૨૦૨૬ના રોજ અમારી ઓફીસ ખાતે મહેશભાઇ ભરવાડ આવ્યા હતાં અને આવેલ અને દિવ્યેશભાઇનો રેફરન્સ આપ્યો હતો. તેણેઅમારા સુપરવાઇઝર રાકેશભાઈને વાત કરેલ કે મારી પાસે ટ્રક ડમ્પર છે અને અમારે તમારી ટ્રાન્પોર્ટેશન કંપનીમાં ટ્રક ડમ્પર ભાડા ઉપર ચલાવવો હોય તો જણાવજો.

રાકેશભાઈએ તે બાબતે મને જણાવ્યું હતું અને ટ્રક ડમ્પરની જરૂર હોઇ જેથી મહેશભાઇને અમારી કંપનીમાં ભાડાથી ટ્રક ચલાવવા હા પાડી હતી. ત્યારબાદ આ મહેશભાઇના હસ્તકના ટ્રક ડમ્પર નં. જીજે૩સીયુ- ૫૧૨૯માં બે વખત સલ્ફર લઇને વડોદરા ખાતે જી.એસ.એફ. સી કંપનીમા મોકલાયો હતો. જેથી અમોને તના પર પુરો ભરોસો બેસી ગયો હતો. એ પછી અઠ્ઠાવીસમી જુનના રોજ ફરી આ ટ્રક ડમ્પરમાં રીલાયન્સ કંપનીમાંથી લુઝ સલ્ફર વજન ૩૬-૩૩૦ મેટ્રિક ટન જેની કિંમત આશરે રૂ. ૩૮,૧૫,૦૦૦ થતી હતી તે ભરી આપ્યો હતો. આ ડમ્પર વડોદરા જી.એસ.એફ.સી. કંપનીને પહોંચાડવા રવાના કરાવાયુ હતું. જેમાં ડ્રાઇવર તરીકે પુરખારામ બાલારામ હતાં. બીજા દિવસે ઓગણત્રીસ જૂનના સવારના ત્રણ વાગ્યાની આસપાસ સલ્ફર ભરેલો ટ્રક વડોદરા જી.એસ.એફ. સી ખાતે પહોંચી ગયો હતો. જેથી અમોએ તુરંત જ ટ્રક ડમ્પરના ડ્રાઇવર પુરખારામ બાલારામને ફોન કરીને આ બાબતે પુછતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલ હતો બાદ ટ્રક ડમ્પરના માલિક માલસુરભાઇ રત્નાભાઇને ફોન કરી તેમના આ ડમ્પર ટ્રકનું જીપીએસનું બેકઅપ આપવા જણાવ્યું હતું. તેમની પાસેથી બેકઅપ આવતાં તપાસ કરતાં સલ્ફર ભરેલો ટ્રક ડમ્પર તા. ૨૮/૬ના રોજ સવારે ત્રણ વાગ્યે રીલાયન્સ કંપનીમાંથી નીકળે છે અને કલાક ૦૬:૧૪ વાગ્યે પડધરી ટોલનાકા ખાતેથી પાસ થયા બાદ આ ટ્રક ડમ્પર કુવાડવા ગામથી વાંકાનેર તરફ અજય વે બ્રીજે અંદાજે કલાક ૦૮:૨૫ વાગ્યે પહોંચે છે અને ત્યાથી જીયાણા ગામ ખાતે આવેલ જીઆઇડીસીમાં જાય છે અને ત્યા કોઇ કારખાનામા અંદાજે કલાક ૦૮:૩૩ વાગ્યે પહોંચ્યો હોવાનું જણાયું હતું. ત્યાં કલાક ૦૯:૫૯ સુધી રોકાયેલ હતો.તેમ વધુમાં પ્રદિપસિંહ જાડેજાએ જણાવતાં પીઆઇ કે. પી. તરેટીયાની રાહબરીમાં પીએસઆઇ બી. વી. સરવૈયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. નોંધનીય છે કે સલ્ફરનો સૌથી મોટો ઉપયોગ સલ્ફ્યુરીક એસિડ બનાવવામાં થાય છે. જેનો ઉપયોગ ફોસ્ફેટિક ખાતરોના ઉત્પાદનમાં થાય છે. જમીનની ફળદ્રુપતા વધારવા માટે પણ તેનો ઉપયોગ થતો હોય છે. આ ઉપરાંત પણ સલ્ફરના અનેક ઉપયોગો હોય છે. આ ડ્રાઇવરે કેટલી વખત કેટલો સલ્ફરનો જથ્થો કાઢીને પછી તેમાં કયો બીજો ભળતો માલ ભેળવ્યો છે? તેમજ આ ડ્રાઇવર સાથે બીજુ કોણ કોણ આ કારસ્તામાં સામેલ છે? તેની તપાસ હવે પછી થશે.

માત્ર ઓનલાઇન જ નહિ, રૂબરૂ આવીને પણ છેતરી જાય છે આવા ગઠીયાઓ

# શેરબજારમાં કમાવવાની લાલચે ગૂમાવ્યા એક કરોડ

## બે ઠગ બંધુએ વીસ ટકા વળતરની લાલચે સાત લોકોને ગાળીયા પરોવી ગજવા ભરી લીધાઃ રોકાણકારોને લલચાવવા ઓફિસમાં રૂપિયા ગણવાના મશીનો રાખતાંઃ પોલીસે બંનેને ઝડપી લેવા તજવીજ શરૂ કરી

રાજકોટઃ તા.૧૦

ઓનલાઇન રોકાણ કરવા પર મોટા નફાની લાલચ આપી રોજબરોજ લોકોને ઓનલાલઇન તેમજ ઓફલાઇન છેતરી લેવામાં આવતાં હોય છે. આવી ઘટનાઓ રોજીંદી છે. એકાદ દિવસ પણ એવો નહિ જતો હોય કે જે દિવસે કોઇ છેતરાયું ન હોય. વધુ એક વખત શેર બજારમાં રોકાણ પર નફાની લાલચ આપી એક કરોડની છેતરપીંડી કરી લેવામાં આવી છે. અલગ અલગ રોકાણકારોને બે ઠગ ભાઇઓએ શેર બજારમાં રોકાણ પર વીસ ટકા વળતર મળશે તેવા આંબા આંબલી બતાવી રોકાણ કરવા લલચાવી પછી ધુંબો મારી દીધો હતો. આ બંને દરરોજ જથ્થાબંધ રૂપિયાની કમાણી કરે છે તેવુ દેખાવડવા રૂપિયા ગણવાના મશીનો રોકાણકારોને દેખાડ્યા હતાં. સાત લોકો આ બંન ગઠીયા ભાઇઓની જાળમાં ફસાઇ ગયા હતાં અને નાણા ગુમાવી દીધા હતાં.

સામાન્ય રીતે શેર બજારમાં રોકાણના નામે ઓનલાઇન ઠગાઇ વધુ થતી હોય છે. પરંતુ લાલચની જાળ બીછાવી કેટલાક ગઠીયાઓ રૂબરૂ રોકાણકારોની સામે આવીને પણ છેતરી જતાં હોય છે. આવી જ એક ઘટના પર નજર કરીએ તો ભાવનગરમાં ફરિયાદકા ગામના યોગેશ અને સંજય ધામેચા નામના બે ભાઈઓએ શેરબજારમાં ચા વળતરની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી આચરી છે. રોકાણકારોને નોટો ગણવાના મશીનો બતાવી વિશ્વાસમાં લીધા હતા. કુલ સાત લોકો પાસેથી એક કરોડ ત્રણ લાખથી વધુની છેતરપિંડી થઈ છે. વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.




પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શેરબજાર માર્કેટીંગમાં રોકાણના નામે દર મહિને વીસ ટકા જેટલું ચું વળતર આપવાની લોભામણી સ્કિમ બતાવી કુલ રૂ.એક કરોડ ત્રણ લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનાટી ભર્યો કિસ્સો પ્રકાશમાં આવતાં પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. સીદસર ગામના આંબેડકરનગર ખાતે રહેતા અને કરિયાણા અને પાન-માવાની દુકાન ચલાવતા ગૌતમભાઈ ઉકાભાઈ ચૌહાણે આશરે સાત મહિના પહેલા યોગેશ વેલજીભાઈ ધામેચા તેમની દુકાને આવ્યો હતો. અને પોતે તથા તેનો પિતરાઈ ભાઈ સંજય મૂળજીભાઈ ધામેચા જે બંને ફરિયાદકા ગામના છે તેણે શેરબજારનો મોટો બિઝનેસ કરતા હોવાની ગુલબાંગો ફેંકી હતી.

ગૌતમભાઈ જ્યારે ફરિયાદકા ગામે સંજય ધામેચાના ઘરે ગયા, ત્યારે ત્યાં લોકોની ભીડ અને પૈસા ગણવાના ૪ મશીનો જોઈને તેઓ અંજાઈ ગયા હતા. બંને શખ્સે ઈન્કમટેક્સથી બચવાના બહાને રોકાણના બદલે ઉછીના નાણાં આપ્યા હોવાના લખાણ સાથે રૂપિયા ત્રણસોના સ્ટેમ્પ પેપર પર સહીઓ કરી આપી પાકો વિશ્વાસ જીત્યો હતો. ઓનલાઈનના બદલે માત્ર રોકડા રૂપિયા જ સ્વીકારવામાં આવતા હતા.ગૌતમભાઈએ કટકે-કટકે રૂપિયા દસ લાખનું રોકાણ કર્યું હતું, જેની સામે તેમને વળતર પેટે માત્ર રૂપિયા પંચોતેર હજાર પાંચસો જ પરત મળ્યા હતા. આવી જ રીતે તેમના અન્ય ૬ ઓળખીતાઓ કિશોરભાઈ, નિલેશભાઈ, સંદિપભાઈ, અજયભાઈ, કરણભાઈ અને અનીલભાઈ પાસેથી પણ રૂપિયા ૧,૧૧,૫૦,૦૦૦નું રોકાણ કરાવી, તેમાંથી માત્ર ૧૭,૬૦,૦૦૦ પરત આપી બાકીની મોટી રકમ ગઠિયાઓ ૧,૦૩,૧૪,૫૦૦ ઓળવી ગયા હતા.આ બનાવ સંદર્ભે વરતેજ પોલીસે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝીટર્સ એક્ટ અને બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ રીતે રોકાણ પર નફાની લાલચ આપીને લોકોને છેતરી લેનારા ગઠીયાઓ સાયબર ગઠીયાઓ ઓનલાઇન તો મોજુદ જ હોય છે તો બીજી તરફ રૂબરૂ સામે આવીને ગાળીયા પરોવી જનારા પણ ગામોગામ હોય છે. આ ઘટના તેની સાબીતી આપે છે.

સામાન્ય રીતે આ પ્રકારની ઠગાઇઓમાં પોલીસ એફઆઇઆર દાખલ કરે પછી કદાચ આરોપીઓને પકડી પણ લેતી હોય છે. પરંતુ આવા કિસ્સામાં ગુમાવેલી રકમ પાછી આવવાની કોઇ ગેરેન્ટી હોતી નથી. અસંખ્ય આવા ફ્રોડના કિસ્સામાં પોલીસ આરોપીઓને અગાઉ પકડી ચુકી હતી. પરંતુ ગુમાવેલા નાણા લગભગ કોઇને પાછા મળ્યા હોય તેવા દાખલા મોજુદ નથી.

ગામોગામ નજર માંડીને બેઠા હોય છે લેભાગુઓઃ ચેતતા રહો, બચતા રહો

# છાત્રાને ફસાવી રિક્ષાચાલકનું દુષ્કર્મ

## બાળાને લેભાગુથી બચાવવા પરિવારે સગાના ઘરે મોકલી તો ત્યાંથી ઉઠાવી ગયોઃ છાત્રાના દાગીના, મોબાઇલ વેંચી નાંખ્યા અને ખંડણી પણ માંગીઃ બાળાને પોલીસે મુક્ત કરાવી, સલિમની શોધખોળ

રાજકોટઃ તા.૧૦

સગીરાઓને વિધર્મીઓ દ્વારા ફસાવી તેની જિંદગી દોજખ બનાવી દેવામાં આવતી હોવાના કિસ્સા અવાર-નવાર બની રહ્યા છે. વધુ એક આવી ચોંકાવનારી લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એક સગીર હિન્દુ છાત્રાનું વિધર્મીએ અપહરણ કરી બળાત્કાર ગુજારી લીધો હતો. રિક્ષાનો ચાલક એવા આ લેભાગુ બાળાને છેક અજમેર લઇ ગયો હતો. તેણે આ બાળા પાસેથી એક લાખ મેળવી તેમજ તેના દાગીના, મોબાઇલ પણ વેંચી નાંખ્યા હતાં. પોલીસે તેને દબોચી લઇ અપહરણ બળાત્કાર-ખંડણીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરામાં બની છે. પરંતુ કોઇપણ ગામ કે શહેરમાં આવા લેભાગુઓ નજર માંલીને બેઠા હોય છે. એક બાળા વડોદરા પોતાના સંબંધીને ત્યાં આવી હતી. આ હિન્દુ વિદ્યાર્થિનીનું અપહરણ થયું હતું. અજમેરનો રિક્ષાચાલક સલીમ તેને પ્રેમજાળમાં ફસાવી રાજસ્થાન લઈ ગયો હતો. અકોટા પોલીસે ત્રણટીમો બનાવી કિશનગઢથી સગીરાને છોડાવી, પણ સલીમ ફરાર થઇ ગયો હતો. તેણે બાળા પાસેથી એક લાખની ખંડણી માંગી, મોબાઇલ-દાગીના પણ વેંચી નાંખ્યા હતાં. આ ઉપરાંત બળાત્કાર પણ ગુજારી લીધો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ અજમેરના સલીમ નામના રિક્ષાચાલકની ચુંગાલથી બચવા માટે વડોદરામાં સંબંધીને ત્યાં લવાયેલી સગીર હિન્દુ વિદ્યાર્થિનીનું વડોદરામાંથી અપહરણ કરાતાં પોલીસે સગીરાને રાજસ્થાન ખાતેથી છોડાવી હતી. જો કે લેભાગુ સલિમ હજુ હાથમાં આવ્યો નથી. અજમેરમાં અભ્યાસ કરતી સગીરા ત્યાંના સલીમ ઉર્ફે સૈલાબ સૈયદ નામના રિક્ષા ચાલકના સંપર્કમાં આવ્યા બાદ તેને પ્રેમ જાળમાં ફસાવવામાં આવી હતી.



જેથી સગીરાના પરિવારજનોને શંકા જતાં તેને વડોદરામાં અકોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા સંબંધીને ત્યાં મોકલી આપવામાં આવી હતી. બે દિવસ રહ્યા બાદ ત્રીજા દિવસે પરોઢિયે ચારેક વાગ્યે સગીરા નજરે નહિ પડતાં પરિવારજનોએ તપાસ કરી હતી.જે દરમિયાન કારમાં આવેલો સલીમ તેને ઉઠાવી ગયો હોવાનું જાણવા મળતાં હિન્દુ સંગઠનોની મદદ લઇ અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. ડીસીપી મંજીતા વણઝારાએ આ અંગે ગુનો નોંધી તપાસ કરાવતાં પોલીસની ટીમો આરોપીનું પગેરૂં શોધતી રાજસ્થાનના કિશન ગઢ સુધી પહોંચી હતી.જ્યાં સલીમ સગીરાને છોડીને ફરાર થઇ જતાં પોલીસ પીડિતાને લઇને વડોદરા આવી હતી અને મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો.પીડિતા પર બળાત્કાર થયો હોવાનું જણાતાં પોલીસે આરોપીની તપાસ માટે ત્રણ ટીમો રવાના કરી હતી. સૂત્રોના કહ્યા મુજબ કારમાં સગીરાને ઉઠાવી જનાર આરોપીએ સગીરાને છોડવા માટે તેની માતાને ફોન કરી રૂપિયા એક લાખની માગણી કરી હતી. આ ઉપરાંત તેણે સગીરાનો મોબાઇલ અને દાગીના પણ વેચી દીધા હોવાનો અને ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.જેથી આરોપી પકડાય ત્યારપછી વધુ વિગતો જાણવા મળશે.આ કિસ્સામાં ભોગ બનેલી બાળાના પરિવારજનોએ રાજસ્થાન પોલીસને ફરિયાદ કરી ગુનો નોંધવા માગણી કરી હતી. પરંતુ રાજસ્થાન પોલીસે હદના સવાલ ઉભો કરી રેલવે પોલીસને ફરિયાદ ટ્રાન્સફર કરી હતી. રેલવે પોલીસે આ બનાવની હદ તેમનામાં નહિ આવતી હોવાથી વડોદરાની અકોટા પોલીસને મોકલી હતી.જ્યાં પીઆઇ ડીબી બલદાનિયાએ ડીસીપીની સૂચના મુજબ ગુનો નોંધ્યો હતો.જેથી આરોપીને પકડવા રાજસ્થાન પોલીસની પણ મદદ લેવાશે. આમ વધુ એક વખત એક છાત્રા લેભાગુની કહેવાતી પ્રેમજાળમાં ફસાઇ હતી યાતનાનો ભોગ બની હતી.

નિવૃત જીવન જીવતાં વૃધ્ધને વ્હોટ્સએપ ગ્રુપમાં મેસેજ આવ્યો અને શિકાર બન્યા

# લિંક ક્લીક કરતાં જ ૧૧.૪૨ લાખ ગાયબ

## સાયબર ગઠીયાઓએ એપીકે ફાઇલ મોકલી ખાતુ ખાલી કરી નાંખ્યુઃ બીજી ઘટનામાં સાડા સાત લાખ સામે ચોવીસ લાખ ઉપાડી લીધાઃ માથે જતાં વ્યાજ માટે ધમકી આપતાં નિવૃત વૃધ્ધે નોંધાવી ફરિયાદ

રાજકોટઃ તા.૧૦

અલગ અલગ રીતે ઓનલાઇન સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓ સામાન્ય રીતે આરટીઓ ઇ-ચલણના નામે કે પછી બેંકના કેવાયસીના નામે એપીકે ફાઇલ મોકલી મોબાઇલ ફોન હેક કરી જે તે મોબાઇલ ધારકના બેંક ખાતામાંથી રૂપિયા ઉસેડી લેતાં હોય છે. વધુ એક આવી ઠગાઇ થસ છે. જેમાં બેંકના નિવૃત કર્મચારીના ખાતામાંથી એપીકે ફાઇલની મદદથી સાડા અગીયાર લાખ ઉસેડી લેવાયા હતાં. બેંક હેલ્પની લિંક મોકલીને આ વૃધ્ધને છેતરી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના એક નિવૃત બેંક કર્મચારીને એપીકે ફાઇલ મોકલી ૧૧.૪૨ લાખની ઠગાઈ થઈ હતી. વૃદ્ધે બેંકના ગ્રુપમાં આવેલી બેંક હેલ્પની લિંક પર કિલક કરતા અજાણ્યા શખ્સે વૃદ્ધ સાથે બેંક મેનેજર બનીને વાતચીત કરી હતી અને વૃદ્ધને એપીકે ફાઇલ મોકલી હતી. જે ડાઉનલોડ કરતા વૃદ્ધના ખાતામાંથી એફડી સહિત સાડા અગીયાર લાખથી વધુ રૂપિયા ઉપડી ગયા હતાં. પોલીસ સુત્રોએ કહ્યું કે આનંદનગર વિસ્તારમાં રહેતા છોંતેર વર્ષીય વૃદ્ધિ યુનિયન બેંકમાં ફરજ બજાવતા હતા. વૃદ્ધના બેંકના કર્મચારીઓનું એક વોટ્સએપ ગ્રુપ હતું,જેમાં બેંકને લગતી માહિતીઓ આવતી હતી.

આ ગ્રુપમાં બેંક હેલ્પ લખેલી એક લિંક આવી હતી. જે લિંક વૃદ્ધે ઓપન કરી હતી, ત્યારે વોટ્સએપ કોલ પર એક વ્યક્તિ સાથે વાત થઈ હતી. આ વ્યક્તિએ પોતાની ઓળખ યુનિયન બેન્કના મેનેજર તરીકે આપી હતી અને વૃદ્ધને મદદ કરવાનું કહ્યું હતું. વૃદ્ધે બેંકમાં લોકરના ભાડાના ડિસ્કાઉન્ટ માટે વાતચીત કરી હતી. ત્યારબાદ બીજા દિવસે ફરીથી અજાણ્યા શખ્સે વૃદ્ધને મદદ કરવાનું કહીને કસ્ટમર સપોર્ટની એક એપીકે ફાઇલ મોકલી હતી.




વૃદ્ધ પાસે ડાઉનલોડ કરાવી તેમાં વિગતો ભરાવી હતી. આ ફાઇલ ડાઉનલોડ કરી વૃદ્ધ વિગત ભરતા જ તેમના પર ઓટીપી આવવાના શરૂ થયા હતા. વૃદ્ધ જ્યારે બેંકમાં જઈને તપાસ કરી તો અલગ અલગ ટ્રાન્જેકશન દ્વારા અને તેમના ખાતામાંથી ચાર એફડી દ્વારા કુલ ૧૧.૪૨ લાખ ઉપડી ગયા હતા.વૃદ્ધને તેમની સાથે થયેલા સાયબર ફ્રોડ અંગે જાણ થતા અમદાવાદ ફાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વ્હોટ્સએપ ગ્રુપમાં બેંક હેલ્પના નામે મેસેજ-લિંક મોકલી ઠગાઇ કરવાનું ચાલુ થયું હોઇ ખાસ કરીને વૃધ્ધો, મહિલાઓએ ચેતી જવું જરૂરી છે.

ઠગાઇ અને વ્યાજખોરીની બીજી ઘટના જોઇએ તો વડોદરામાં નિવૃત્ત જુનિયર ક્લાર્ક દિનેશચંદ્ર ચુનારાએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં દિનેશકુમાર શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. દિનેશકુમારે ફરિયાદી પાસેથી ૬.૫૦ લાખ રૂપિયા વ્યાજે આપ્યા હતા. બાદમાં ૭.૭૦ લાખના કરાર કરી પેન્શનના ૨૪.૮૪ લાખ રૂપિયા બારોબાર ઉપાડી, ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. પોલીસે નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ હતી. વધુ માહિતી અનુસાર ફરિયાદીએ ટુકડે - ટુકડે ૬ ટકા વ્યાજે ૬.૫૦ લાખ લીધા બાદ ૭.૭૦ લાખની મૂડી અંગેનો કરાર કરી વર્ષ ૨૦૧૮થી ૨૦૨૬ દરમિયાન ફરિયાદીના પેન્શનના ૨૪.૮૪ લાખ બારોબાર ઉપાડી લઈ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીના બનાવમાં થયેલી ફરિયાદના આધારે નવાપુરા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો.

વધુ વિગત મુજબ બરાનપુરામાં રહેતા અને મ્યુનિ. કોર્પોરેશનના જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા સિત્તેર વર્ષના દિનેશચંદ્ર ચુનારાની ફરિયાદ મુજબ, નાણાંની જરૂરિયાત ભી થતાં દિનેશચંદ્ર ચુનારાએ દિનેશકુમાર શાહ પાસેથી સવા બે લાખ લાખ વ્યાજે લીધા હતા. તે સમયે દિનેશકુમારે તેમનું એટીએમ કાર્ડ લઈ લીધું હતું.

એ પછી મકાન ખરીદવા માટે ફરી ૩.૫૦ લાખ વ્યાજે લીધા હતા. સિક્યુરિટી તરીકે કોરા ચેક આપ્યા હતા અને દર મહિને હપ્તાની રકમ ઉપાડવા માટે ફરિયાદી પાસેથી બળજબરીપૂર્વક એટીએમનો પાસવર્ડ પણ મેળવી લેવામાં આવ્યો હતો. અને દર મહિને તેમના પેન્શનના ૨૫ હજાર એટીએમ મારફતે ઉપાડી લેવામાં આવતા હતા. બાદ ૬.૫૦ લાખની સામે ૭.૭૦ લાખ ઉછીના આપ્યા હોવાનું લખાણ કરાયું હતું. એ પછી એટીએમ કાર્ડ મારફતે કુલ૨૪,૮૪,૫૯૯ ઉપાડી લેવામાં આવ્યા હતાં. જ્યારે મૂળ રકમ ૭.૭૦ લાખ હતી. એટલે કે વધારાના ૧૭,૧૪,૫૯૯ ખાતામાંથી ઉપાડી લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. એટીએમ કાર્ડ પરત માગતા આરોપીએ જ્યાં સુધી મારા તમામ રૂપિયા પરત નહીં મળે ત્યાં સુધી એટીએમ કાર્ડ નહીં આપું. એટીએમમાંથી જે રૂપિયા ઉપાડું છું તે માત્ર વ્યાજના છે, મૂડી તો હજુ બાકી છે, તારાથી થાય તે કરી લે તેવી ધમકી આપી હોવાની ફરિયાદના આધારે પોલીસે દિનેશકુમાર મોતીભાઈ શાહ વિરૂધ્ધ નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

**મહામુલી જિંદગીને અમુક લોકો કાયમને માટે તરછોડી દે છેઃ વધુ બે ઘટના**

# યુવાન-આધેડે ગળાફાંસો ખાઇ ટૂંકાવ્યું જીવન

## કાળીપાટ અને મોચી બજારમાં બનાવને પગલે પરિવારોમાં શોકની કાલીમાઃ ત્રીજા બનાવમાં જન્મના છઠ્ઠા દિવસે જ બાળકનું મોતઃ મજૂર દંપતિ થયું શોકમાં ગરક

રાજકોટઃ તા.૧૦

મહામુલી જિંદગીને અમુક લોકો અલગ અલગ કારણોસર અકાળે ત્યજી દેતાં હોય છે. જુદા જુદા કારણોસર અને ઘણીવાર અકળ કારણોસર લોકો આપઘાતનો રસ્તો અપનાવી લેતાં હોય છે અને કાયમને માટે દુનિયામાંથી વિદાય લઇ લેતાં હોય છે. તેમના આ પગલા કદાચ તેમને તો જે તે તકલીફ સમસ્યાથી કાયમી છુટકારો અપાવતાં હશે પરંતુ જે લોકો સ્વજનોને ગુમાવે છે તેમની હાલત પાછળથી દયનીય થઇ જતી હોય છે. સ્વજન ગુમાવ્યાના આઘાત તેઓ લાંબો સમય સુધી ભુલી શકતાં નથી. આપઘાતની વધુ બે ઘટના સામે આવી હતી. જેમાં ઓગણીસ વર્ષના એક યુવાને અને છેતાલીસ વર્ષના એક આધેડે ગળાફાંસો ખાઇ મોત મળવ્યા હતાં. જો કે આ બંને કિસ્સામાં કારણ સામે આવ્યા નહોતાં.

વિગતે વાત કરીએ તો રાજકોટ તાલુકાના સરધાર નજીકના કાળીપાટ ગામમાં રહેતાં મુળ જસદણના ભાડલા નજીકના દહીંસરા ગામના ઓગણીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. માતા બજારમાં હટાણું કરીને ઘરે આવ્યા ત્યારે દિકરાની લટકતી લાશ જોતાં કલ્પાંત સર્જાયો હતો. કાળીપાટ ગામમાં મહાકાળી મંદિર પાસે અવેડાની બાજુમાં આવેલી વાડીના મકાનમાં રહેતાં જયેશભાઇ રાયાભાઇ સોસા નામના ઓગણીસ વર્ષના યુવાને સાંજે છતના હુકમાં દોરડુ બાંધી દેહ લટકાવી આપઘાત કરી લીધો હતો.

આ કરૂણ બનાવની જાણ ૧૦૮ના ઇએમટી તબિબ સમક્ષીબેન પારઘીએ જાણ કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. હેમતભાઇ એમ. ધરજીયા અને મદદનીશ જયપાલભાઇએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર જયેશભાઇ એક બહેનથી મોટો અને પરિવારનો એકનો એક દિકરો હતો. તે માતા-પિતાને ખેતી કામમાં મદદરૂપ થતો હતો. આ પરિવાર મુળ દહીંસરાનો વતની છે. પાંચેક વર્ષથી કાળીપાટમાં વાડી વાવવા રાખી હોઇ અહિ રહે છે.

સાંજે જયેશભાઇના માતા મનિષાબેન બજારમાં હટાણુ કરવા ગયા હોઇ ઘરે જયેશભાઇ એકલો હતો. માતા પરત ઘરે આવી ત્યારે દિકરાને લટકતો જોતાં કલ્પાંત કરી મુકતાં લોકો ભેગા થઇ ગયા હતાં અને ૧૦૮ બોલાવી હતી. પરંતુ જયેશભાઇને તબિબે મૃત જાહેર કર્યો હતો. તે બે દિવસથે કોઇ કારણે ગૂમસુમ રહેતો હતો. આપઘાતનું ચોક્કસ કારણ પરિવારજનો જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. એકના એક દિકરાના આ



પગલાથી સોસા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

અન્ય એક આત્મહત્યાની ઘટના જોઇએ તો મોચીબજાર તિલક પ્લોટ શેરી નં. ૨માં રહેતાં છેતાલીસ વર્ષના મુકેશભાઇ રમણીકલાલ પરમાર નામના આધેડે રાતે એકાદ વાગ્યે ઘરે ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

વધુ માહિતી અનુસાર આપઘાત કરનારા મુકેશભાઇ બે ભાઇ અને બે બહેનમાં ત્રીજા નંબરે હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવી છે. મુકેશભાઇ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ એ-ડિવીઝન પોલીસે તપાસ યથાવત રાખી હતી. અંતિમવિધી બાદ મૃતકના કુટુંબીજનો, સગાના નિવેદન નોંધી પોલીસ વિશેષ કાર્યવાહી કરશે.

ત્રીજી અપમૃત્યુની ઘટના જોઇએ તો તેમાં એક નવજાત બાળકનું મોત થયું હતું. સરધારમાં વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના દંપતિના નવજાત દિકરા નું બેભાન થઇ ગયા બાદ મોત થતાં આ દંપતિ શોકમાં ડુબી ગયું હતું. સરધારમાં રવજીભાઇ ઢાંકેચાની વાડીમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદેશના પંકજભાઇ સિંગલના પત્નિ કીમલાબેને છ દિવસ પહેલા અધુરા માસે દિકરાને જન્મ આપ્યો હતો.

છ દિવસની વયના આ બાળકની ગઇકાલે તબિયત બગડતાં બેભાન થઇ જતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. દિકરાના મોતથી મજૂર દંપતિ ગમગીન થઇ ગયું હતું. પોલીસે નિયમ અનુસાર બાળકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપ્યો હતો. આમ ત્રણ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં શોક છવાઇ ગયો હતો.

---

**સોશિયલ મિડીયા માધ્યમનો વધુ એક વખત દુરૂપયોગઃ વિકૃત શખ્સે હદ વટાવી**

# નકલી એકાઉન્ટ બનાવી યુવતિના નગ્ન ફોટા વાયરલ

## મોર્ફ કરેલા ફોટાઓ યુવતિના સગા સંબંધીઓને પણ મોકલી દીધાઃ સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરીઃ બીજી ઘટનામાં વિધીના નામે ઠગાઇ કરી જનાર બે ઠગ મહિલા પકડાઇઃ એકની તો આવા અગીયાર ગુનાઓમાં છે સંડોવણી

રાજકોટઃ તા.૧૦

હાલના સમયમાં સોશિયલ મિડીયાનો અબાલ વૃધ્ધ સૌ કોઇ ભરપુર ઉપયોગ કરે છે. પરંતુ આ માધ્યમનો ખોટો ઉપયોગ કરનારા પણ અનેક છે. આ વચ્ચે એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એક મહિલાના ફોટા મોર્ફ કરી બીભત્સ બનાવી વાયરલ કરી દેવામાં આવ્યા હતાં. તેણીને બદનામ કરવાના આ કાવત્રાનો ત્યારે પર્દાફાશ થયો હતો જ્યારે તેના જ સગા સંબંધીઓને આવા ફોટા મળ્યા હતાં. આ ઘટનામાં પોલીસે તત્કાળ કાર્યવાહી હાથ ધરી હતી અને આવો ગુનો આચરનારાને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મીડિયા હવે માત્ર સંપર્કનું માધ્યમ નહીં, પરંતુ સાયબર ગુનેગારો માટે મહિલાઓની પ્રતિષ્ઠા સાથે ખેલ કરવાનો હથિયાર પણ બની રહ્યું છે. શહેરમાં ફરી એકવાર અપરિણીત મહિલાના નામે ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવી તેના ફોટા મોર્ફ કરીને બીભત્સ બનાવી વાઇરલ કરી તેણીને બદનામ કરવાનું કાવતરૂ રચ્યું હતું. ઘટનાથી વ્યથિત બનેલી મહિલાએ આ મામલે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ હતી. પોલીસે કહ્યું કે વડોદરામાં રહેતી એક ત્રીસ વર્ષીય અપરિણીત મહિલા સોશિયલ મીડિયાનો નિયમિત ઉપયોગ કરે છે.

અજાણ્યા શખ્સે મહિલાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ફોટા ડાઉનલોડ કરીને તેના નામે ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવી હતી. ત્યારબાદ મહિલાના ફોટાને મોર્ફ કરીને બીભત્સ તસવીરો તૈયાર કરવામાં આવી અને તે તસવીરો નકલી પ્રોફાઇલ પર અપલોડ કરીને વાઇરલ કરવામાં આવી હતી. આ કૃત્યનો હેતુ મહિલાની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો અને તેમને બદનામ કરવાનો હોવાનું જણાયું હતું.

વિકૃત વિચિત્ર માનસ ધરાવતા આ શખ્સે મહિલાના મોર્ફ કરેલા ફોટા તેમના





સગા સંબંધી તથા મિત્ર વર્તુળમાં પણ મોકલી આપ્યા હતા. ત્યારે તેમના સંબંધીઓ તરફથી આ ઘટના અંગે જાણ થતાં મહિલા અને તેના પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. અંતે મહિલાએ તેમને બદનામ કરવાનું કાવતરૂ ઘડનાર શખ્સ વિરુદ્ધ વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ પુરાવાના આધારે ફેક આઈડી બનાવનાર અને મોર્ફ તસવીરો વાયરલ કરનાર આરોપીને ઝડપી પાડવા તપાસ શરૂ કરી હતી. આ પ્રકારના ગુના અવાર-નવાર બનતા રહે છે. જેમાં આ વધુ એક ઉમેરો થયો હતો. બીજી એક ઘટનામાં પોલીસે ઠગ મહિલાઓને પકડી લીધી હતી. વડોદરામાં બ્યુટીપાર્લર સંચાલિકાને નાગ-નાગિન દોષ દૂર કરવાના બહાને ઠગી, મંગળસૂત્ર અને રોકડ લઈ ફરાર થયેલી ૩ મહિલાઓ પૈકી બે મહિલાઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઇ તેની પાસેથી મંગળસૂત્ર કબજે કર્યું હતું. હરણી વિજયનગર પાસેથી મીના મહેન્દ્ર વાદી અને દક્ષા દિપકભાઈ સલાટની ધરપકડ કરવામાં આવી છે. મીના વાદી સામે કુલ આવા અગીયાર ગુના નોંધાયા છે. વાડી વિસ્તારમાં બ્યુટીપાર્લરની સંચાલિકાને નાગ નાગીનનો દોષ દૂર કરવાની વિધિ કરાવી મંગળસૂત્ર અને રોકડ લઇ ફરાર થઇ ગયેલી ત્રણ મહિલા પૈકી બે મહિલાને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડી મંગળસૂત્ર કબજે કર્યું હતું. વધુ માહિતી અનુસાર વાઘોડિયારોડ ગુરૂકુલ પાસે આદિત્ય હાઇટ્સમાં રહેતાં હેતલબેન હિતેશભાઇ ચૌહાણ સંતકબીર રોડ પર બ્યુટી પાર્લર ચલાવે છે. દસેક દિવસ પહેલાં બપોરે તેમના પાર્લરમાં ત્રણ મહિલાઓ ફેસિયલ માટે આવી હતી.આ પૈકી એક મહિલાએ આ બહેન પર જોગણી માતાની કૃપા છે અને તેનાથી લગ્નના ૨૫ વર્ષ પછી બાબો આવ્યો છે તેમ કહ્યું હતું. મહિલાએ બ્યુટીપાર્લરની સંચાલિકાને પણ દોષ દૂર કરવા માટે પૂજા માટે તૈયાર કરી હતી અને વાતોમાં ફસાવી દોઢ તોલાનું મંગળસૂત્ર પર્સમાં મુકાવ્યું હતું. જેમાં પાંત્રીસસો રૂપિયા રોકડા પણ મુકેલા હતા.ત્યારબાદ તેમણે મહિલાના માથેથી સાત વાર પર્સ ઉતારીને પરત આપ્યું હતું અને ધી ઉભી રાખી પાછળ જોતા નહિ તેમ કહીને ત્રણેય મંગળસૂત્ર અને રોકડ લઇને ફરાર થઇ ગઇ હતી. બનાવની તપાસમાં ક્રાઇમ બ્રાન્ચ પણ સામેલ થઇ હતી.પીઆઇ સંજય ગામેતી અને ટીમે હરણી વિજયનગર પાસેથી મીના મહેન્દ્ર વાદી અને દક્ષા દિપકભાઇ સલાટને પકડી હતી. મીના વાદી સામે માંડવી, અમદાવાદ, પાટણ, મહેસાણા જેવા શહેરોમાં અગીયાર ગુનાઓ નોંધાયા હતાં.

---

# એ દૂકાનમાંથી ૯૮ હજારનો કેબલ કિરણ પંડ્યાએ ચોર્યો'તો

## ક્રાઈમ બ્રાંચે માલવીયાનગર પોલીસનો ગુનો ઉકેલ્યોઃ મહિલા અગાઉ જૂગારમાં પણ પકડાઇ હતી

રાજકોટઃ તા.૧૦

મવડી રોડ વિસ્તારમાં ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં વોક્સ ફેશન કલબ નામની કપડાની દૂકાનમાં થયેલી એક લાખના કેબલની ચોરીનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી અગાઉ જુગારના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલી મહિલાને પકડી લઇ કેબલ કબ્જે કર્યો છે.

દુકાનના ઉપરના ભાગે રીનોવેશન ચાલુ હોઇ એક મહિલા બુકાની બાંધીને આ દૂકાનમાં ઉપરના ભાગેથી ઘુસી જઇ રૂા. ૯૮ હજારની કિંમતના અલગ અલગ ઇલેક્ટ્રીક કામમાં વપરાતા કેબલ ચોરી ગઇ હતી.

આ ગુનાનો ભેદ ક્રાઇમ બ્રાંચના સાગરભાઇ માવદીયા, ધર્મેશભાઇ ખાંડેખાએ ઉકેલી કિરણબેન તુષારભાઇ પંડ્યા (સાંઇબાબા પાર્ક-૭, ગાંધી સ્કૂલવાળી શેરી નાના મવા રોડ)ને પકડી લઇ કેબલ અને પ્લાસ્ટીકનું બાચકુ કબ્જે કર્યા હતાં. ત્રીસ વર્ષની આ મહિલા અગાઉ એ-ડિવીઝન પોલીસમાં જૂગારના કેસમાં પકડાઇ હતી. ક્રાઇમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની રાહબરીમાં પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની સુચના અંતર્ગત પીએસઆઇ વી. ડી. રાવલીયા, એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. સાગરભાઇ માવદીયા, દીપકભાઇ ડાંગર, મુકેશભાઇ સબાડ, કોન્સ. જીલુભાઇ ગરચર, મનિષભાઇ ચાવડા, ધર્મેશભાઇ ખાંડેખા, અશ્વનીભાઇ પાંપણીયાએ આ કામગીરી કરી હતી.

---

**પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્ર ક્યાંક ને ક્યાંક અવળુ પડી રહ્યું હોય તેવી ઘટના વધી**

# પોલીસ સ્ટેશનમાં પોલીસ-પ્રજાજન વચ્ચે બખેડો

## મહિલા અરજદાર સાથે ગયેલા બજરંગદળના કાર્યકરને પીઆઇએ ચેમ્બરમાંથી બહાર જવાનું કહેતાં રાડારાડ કરી જોઇ લેવાની ધમકી દઇ ફરજમાં રૂકાવટ કર્યાનો ગુનો નોંધાતા ચકચાર

**કાર્યકર પણ પોતાને પોલીસે મારકુટ કર્યાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ થયાઃ અરજદાર મહિલાને મદદ કરવા જતાં ગુનેગાર બની ગયાનો વસવસો ઠાલવ્યો**

રાજકોટઃ તા.૧૦

પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્રને પોલીસ વારંવાર સાર્થક કરતી હોવાના અહેવાલો પ્રસારીત થતાં રહે છે. પરંતુ રાજકોટ શહેરમાં હાલમાં પોલીસ અને પ્રજાજન કે પ્રજાજનની મદદ કરવા સાથે ગયા હોય તેવા વકિલો, અલગ અલગ સંસ્થાના કાર્યકરો-આગેવાનો સાથે પોલીસને ઘર્ષણ થતું હોવાના કિસ્સા વધી ગયા છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં વકિલ સામે દાખલ થયેલા ગુનાને પગલે બાર એસોસિએશન આકરા પાણીએ થયું છે અને વિવાદ હજુ સમ્યો નથી ત્યાં હવે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં મહિલા અરજદારની સાથે ગયેલા બજરંગદળના કાર્યકર સામે ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ થયો છે. આ કાર્યકર પણ પોતાને પોલીસે બેફામ મારકુટ કર્યાની ફરિયાદ-આક્ષેપો સાથે સારવાર માટે દાખલ થતાં ડોક્ટરે પોલીસ કેસ જાહેર કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ પોલીસ હેડ કોન્સટેબલ નરવણસિંહ કાબાભા વાળા એ અરજી અંતર્ગત તપાસ ચલાવી રહ્યા હતા. અરજદાર ૨૪ વર્ષના યુવતિની અરજીના કામે તેમનું નિવેદન લેવાનું હોવાથી પોલીસે તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. દરમ્યાન પોલીસ હેડ કોન્સટેબલ નરવણસિંહ પર કૌશીકભાઈ સરધારા નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેમણે જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદના રાજકોટ જીલ્લા પ્રમુખના કહેવા મુજબ અરજદાર બહેનની ફરિયાદ લેવા માટે વિહીપના મંત્રી તેમની સાથે આવશે, જેથી તેમની ફરિયાદ લઈ લેવી.

ત્યારબાદ સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે અરજદાર મહિલાની સાથે હર્ષભાઇ વાસુદેવભાઇ મુથરેજા નામના વ્યક્તિ પોલીસ સ્ટેશને આવ્યા હતા. હર્ષભાઇ મુથરેજાએ પોતાની ઓળખ બજરંગદળ/વિશ્વ હિંદુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના સહ પ્રમુખ તરીકે આપીને પોલીસ સાથે ઉગ્ર ભાષામાં વાત કરી હતી કે તમો આ બહેનની ફરિયાદ કેમ નથી લેતા? ત્યારબાદ મામલો થાળે પાડવા માટે પોલીસ હેડ કોન્સટેબલ અરજદાર મહિલા અને તેની સાથે આવેલા હર્ષભાઈને પી.આઈ. એમ.ડી. મકવાણાની ચેમ્બરમાં લઈ ગયા હતા.

મહિલા અત્યાચાર સંબંધિત



સંવેદનશીલ બાબત હોવાથી પી.આઈ. સાહેબે મહિલા પોલીસ કોન્સટેબલ એકતાબેન રાઠોડને ચેમ્બરમાં બોલાવ્યા હતા. કાયદાકીય પ્રક્રિયા મુજબ, ભોગ બનનાર મહિલાની ખાનગીમાં અને પુરતી સુરક્ષા વચ્ચે પુછપરછ કરવાની હોવાથી, સાથે આવેલા હર્ષભાઇમુથરેજા અને અન્ય લોકોને ત્રણ વખત ચેમ્બરની બહાર જવા વિનંતી કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ બહાર જવાનું કહેતા જ હર્ષભાઇ મુથરેજા એકદમ ઉશ્કેરાઈ ગયા હતાં અને ચેમ્બરમાં જ જોરજોરથી રાડારાડ ચાલુ કરી હતી.

ગેરવર્તન વધતા પોલીસે બળપ્રયોગ કરી તેને ચેમ્બરની બહાર કાઢ્યા હતાં. બહાર નીકળ્યા પછી પણ તેનો ગુસ્સો શાંત થયો ન હતો. તેણે વધુ રાડો પાડીને પોલીસ સ્ટાફને ધમકાવતા કહ્યું હતું કે-હું બજરંગ દળનો સભ્ય છું અને તમોને બધાયને જોઈ લઈશ, તમે બધાય કેમ નોકરી કરો છો? પોલીસ સ્ટેશન જેવા જાહેર સરકારી સ્થળે કાયદેસરની ફરજ બજાવી રહેલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ગેરવર્તન કરી, ધમકીઓ આપીને કાયદાનું ઉલ્લંઘન કરાતા આ મામલાને ગંભીરતાથી લેવામાં આવ્યો હતો.

હેડ કોન્સટેબલ નરવણસિંહ દ્વારા સમગ્ર ઘટના અંગે તાત્કાલિક ઉચ્ચ પોલીસ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ઉપરી અધિકારીઓ તરફથી લીલી ઝંડી મળતા જ સરકારી ફરજમાં રૂકાવટ કરવા બદલ આરોપી હર્ષ વાસુદેવભાઇ મુથરેજા વિરૂદ્ધ પ્રદયુમનનગર પોલીસ સ્ટેશનમાં ધોરણસરની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

જો કે બીજી તરફ આ ઘટના પછી રાત્રીના હર્ષભાઇ વાસુદેવભાઇ મુથરેજા જેની ઉમર પચ્ચીસ વર્ષ છે તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતાં અને ઇમર્જન્સી રૂમમાં તબિબ સમક્ષ ફરિયાદ કરી હતી કે પોતાને પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ દ્વારા ખુબ મારકુટ થઇ છે. આથી તબિબે તપાસ કરી પોલીસ કેસ જાહેર કરી હર્ષભાઇને સારવાર માટે દાખલ કર્યા હતાં. આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રદ્યુમનનગર પોલીસમાં એન્ટ્રી નોંધાવી હતી. હર્ષભાઇએ આક્ષેપો કર્યા હતાં કે ભોગ બનનાર મહિલા સાથે લવજેહાદ જેવુ થયું હોઇ આ મુજબની ફરિયાદ નોંધવા મેં રજૂઆત કરી હતી. પરંતુ આવો કેસ બનતો નહિ હોવાનું મને કહી દેવાયું હતું. આ બાબતે રકઝક કરી કાયદેસરની ફરિયાદ નોંધવા મેં રજૂઆત કરતાં મને ઉપર લઇ જઇ રૂમમાં પુરીને ધોલધપાટ કરવામાં આવી હતી. માથે જતાં મારા સામે ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કરાયો હતો. તેમ વધુમાં હર્ષભાઇએ કહ્યું હતું.

તાજેતરમાં એક અરજીની તપાસમાં એક મહિલા અરજદાર સાથે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મહિલા હેડકોન્સ્ટેબલને બોલાચાલી થતાં અરજદાર સાથે ગયેલા વકિલ સાથે ડખ્ખો કરાયો હતો અને વકિલ સહિતનાન સામે ગુનો દાખલ થયો હતો. આ મામલે વિવાદ ચાલી રહ્યો છે ત્યારે વધુ એક અરજદારની અરજી-ફરિયાદ મામલે હવે બજરંગદળના કાર્યકર-આગેવાન સાથે પોલીસને માથાકુટ થઇ છે અને આમાં પણ ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ થયો છે. આ બનાવો જોતાં પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્ર અહિ જરા અવળુ થઇ જતું હોય તેવું જણાઇ આવે છે.

TRP અગ્નિકાંડઃ ૨૮ માસૂમોની ચીખનો પડઘો

# પાંચ ભ્રષ્ટ અધિકારીઓ "ડિસમિસ"

## ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો, માત્ર સસ્પેન્સન નહીં, સીધા 'ડિસમિસલ ફોર સર્વિસ'નો ઓર્ડર થતાં સરકારી બાબુઓમાં ફફડાટ

**ગૌતમ દેવશંકરભાઈ જોશી , મુકેશ રામજીભાઈ મકવાણા , બાબુલાલ ચૌધરી, રાજેશ નરસિંહભાઈ મકવાણા, રોહિત અસલમભાઈ વિગોરા ડિસમિસઃ પૂર્વ ટીપી અધિકારી મનસુખ સાગઠીયાને મળશે પ્રોવિઝનલ પેન્શન, મળવાપત્ર ભથ્થા અટકાવ્યા**



રાજકોટ, તા. ૧૦

રાજકોટના ઝછ્ઝ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા (છખઈ) તરફથી મહત્વનો ખુલાસો કરવામાં આવ્યો છે. કોર્ટને જાણવા મળ્યું કે, આ દુર્ઘટના મામલે કરવામાં આવેલી આંતરિક વિભાગીય તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને જવાબદાર અધિકારીઓ સામે કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી છે.

છખઈ તરફથી હાઈકોર્ટને જણાવાયું કે, વિભાગીય તપાસના આધારે અનેક અધિકારીઓને ગુજરાત સિવિલ સર્વિસ (શિસ્ત અને અપીલ) નિયમો હેઠળ મોટી સજા ફટકારવામાં આવી છે. કેટલાક અધિકારીઓને સરકારી સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા છે અને ભવિષ્યમાં કોઈપણ સરકારી નોકરી માટે પણ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે. અન્ય એક અધિકારીને સેવામાંથી દૂર કરવામાં આવ્યા છે, જ્યારે એક વર્ગ-૧ના વરિષ્ઠ અધિકારી સામે પણ ગંભીર શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી છે. સરકારે હાઈકોર્ટને જણાવ્યું કે, ગૌતમ જોષી, મુકેશ મકવાણા, જયદીપ ચૌધરી, રાજેશ મકવાણા, રોહિત વિગોરા અને મનસુખ સાગઠિયા સહિતના અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી આંતરિક તપાસમાં સામે આવેલા તારણોના આધારે કરવામાં આવી હોવાનું કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું.

સુનાવણી દરમિયાન પીડિત પક્ષના વકીલ નરેન્દ્રસિંહ જાડેજાએ રજૂઆત કરી કે માત્ર વિભાગીય કાર્યવાહી પૂરતી નથી. આવી ગંભીર બેદરકારી માટે જવાબદારી નિશ્ચિત કરીને દોષિતો સામે કડક અને અસરકારક કાર્યવાહી થવી જરૂરી છે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ફરી ન બને. તેમણે પીડિત પરિવારોને ન્યાય મળે અને જવાબદાર દરેક વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ થાય તેવી માંગ પણ કોર્ટ સમક્ષ મૂકી. ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલાની નોંધ લઈને આગામી સુનાવણીમાં રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાધીશોની વધુ વિગતો સાથેની રજૂઆત માંગતા કેસની વધુ કાર્યવાહી નિર્ધારિત કરી છે. ઝછ્ઝ ગેમ ઝોન અગ્નિકાંડ બાદ વહીવટી જવાબદારી અને સલામતીના નિયમોના અમલ અંગે ઉઠેલા પ્રશ્નો વચ્ચે આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ ઉપરાંત, તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા નિવૃત્તિની વય પૂર્ણ કરી ચૂક્યા હોવાથી તેમના રજાના રોકડ રૂપાંતર પર રોક લગાવવામાં આવી છે. કોર્ટે તેમને માત્ર પ્રોવિઝનલ પેન્શન ચૂકવવાની મંજૂરી આપી છે, જ્યારે અન્ય લાભો અંગેનો નિર્ણય અંતિમ કાર્યવાહી બાદ થશે. ઉલ્લેખનીય છે કે ૨૫ મે, ૨૦૨૪ના રોજ રાજકોટના નાના મવા રોડ પર આવેલા ઝછ્ઝ ગેમઝોનમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે અનેક લોકો બહાર નીકળી શક્યા નહોતા. આ દુર્ઘટનામાં કુલ ૨૭ લોકોના કરૂણ મોત થયા હતા, જેમાં બાળકો સહિત અનેક પરિવારોના સભ્યો સામેલ હતા. આ ઘટના બાદ સમગ્ર ગુજરાત અને દેશભરમાં ભારે આક્રોશ ફેલાયો હતો.

આ દુર્ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર બેદરકારી અને મંજૂરી પ્રક્રિયામાં થયેલી ખામીઓ સામે અનેક પ્રશ્નો ઊભા થયા હતા. ગુજરાત હાઈકોર્ટે આ મામલે સુઓમોટો નોંધ લઈ કાર્યવાહી શરૂ કરી હતી. હવે આવેલા વચગાળાના ચુકાદાને જવાબદારી નક્કી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. કેસની આગળની સુનાવણી દરમિયાન અન્ય જવાબદારીઓ અને અંતિમ કાર્યવાહી અંગે પણ મહત્વપૂર્ણ નિર્ણયો આવવાની શક્યતા છે.

### દેશનો પ્રથમ કિસ્સો ?

એડવોકેટ નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કાયદાકીય દ્દષ્ટિએ આ કેસને અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે, કારણ કે ભારતમાં આ કદાચ પ્રથમ એવો કિસ્સો છે જેમાં ખાતાકીય તપાસ હેઠળ અધિકારીઓને જવાબદાર ઠેરવી તેમને 'ડિસ્મિસલ ફોર સર્વિસ' કરવામાં આવ્યા છે. અત્યાર સુધી જે કાર્યવાહી કરવામાં આવતી હતી તેમાં મોટાભાગે નાની માછલીઓ જ ભોગ બનતી હતી, પરંતુ આ કેસમાં જવાબદાર અધિકારીઓ સામે પણ લાલ આંખ કરવામાં આવી છે.

### સરકારી બાબુઓ માટે આકરો પાઠ

રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં આ પ્રકારની આકરી સામૂહિક બરતરફી કદાચ પ્રથમવાર જોવા મળી છે. આ નિર્ણયથી એ સાબિત થાય છે કેઃ

- **ભ્રષ્ટાચાર હવે સહન નહીં થાય :-** એસી કેબિનમાં બેસીને સામાન્ય પ્રજાના જીવ સાથે રમત રમનારાઓ માટે આ લાલબત્તી સમાન કિસ્સો છે.
- **જવાબદારી ફિક્સ થઈ :-** માત્ર નાના કર્મચારીઓનો ભોગ લેવાને બદલે ક્લાસ-૧ અને ક્લાસ-૨ ના અધિકારીઓ સામે આ પગલું ભરીને સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

# ૩-૪ ઈંચ વરસાદમાં શહેર બનશે 'બેટ'

## RMCએ જાહેર કર્યા ૯૩ વોટર લોગિંગ સ્પોટ : ભારે વરસાદમાં આ વિસ્તારોમાંથી પસાર થતી વખતે નાગરિકોએ સાવચેત રહેવું પડશે



રાજકોટ, તા.૧૦

શહેરમાં એકધારો ત્રણથી ચાર ઇંચ વરસાદ પડે એટલે સંખ્યાબંધ વિસ્તારો બેટમાં ફેરવાઇ જાય છે. તેની પાછળના અનેક કારણો છે, જેમાં સૌથી મોટું કારણ વોંકળા વેંચીને બાંધકામ માટે મંજૂરી આપવાનો મનપાનો 'વહીવટ' છે. આ પાપે દર ચોમાસે શહેરીજનો હેરાન થઇ રહ્યા છે. જો કે, આ વર્ષે વરસાદી પાણી કઇ-કઇ જગ્યાએ ભરાય છે તેના સત્તાવાર સર્વે બાદ મનપાએ ૯૩ સંવેદનશીલ વિસ્તારોની યાદી જાહેર કરી છે અને લોકોને સાવચેત રહેવા અનુરોધ કર્યો છે. તંત્ર દ્વારા ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને અગમચેતીના ભાગરૂપે કુલ ૯૩ સ્થળોને ત્રણ કલર ઝોનમાં વહેંચી દેવામાં આવ્યા છે. ગ્રીન ઝોન એટલે અડધા કલાકમાં પાણી ઓસરી જાય તેવા વિસ્તારો સામાન્ય મોનિટરિંગ અને સ્ટાફ એલર્ટ પર રાખવામાં આવશે. યલ્લો ઝોન એટલે એક કલાકમાં પાણી ઓસરી જાય તેવા વિસ્તારો જેમાં પંપીંગ મશીન સાથે ટીમ તૈનાત હોઈ. રેડ ઝોન એટલે બે કલાકથી વધુ સમય સુધી પાણી ભરાઈ રહે તેવા વિસ્તારો જેમાં અધિકારીઓ અને એજન્સીઓનું સતત લાઈવ મોનિટરિંગ રહે.

શહેરના એવા અનેક વિસ્તારો છે જેમકે બીઆરટીએસ ટ્રેકની બન્ને બાજુ, માધાપર ચોકડી, રેલનગર બ્રીજ અને તેની આસપાસ, રૈયા રોડ પર આઝાદા ચોક આવા જે વિસ્તાર છે ત્યા ઉપરવાસમાંથી પાણી આવતુ હોય છે અને રકાબી આકારના આવા સ્થળે પાણી ભરાય છે. તેના માટે કાયમી ઉપાય લાવવા લાંબાગાળાનું પ્લાનીંગ કરવા માટે વોટર વર્કસ, ભૂગર્ભ, બાંધકામ સહિત સંબંધિત તમામ વિભાગના અધિકારીઓને સુચના આપી દેવામા આવી છે. આ પ્લાનીંગ આવ્યા પછી ચોમાસુ ભલે જતુ રહ્યુ હોય પણ આવતા ચોમાસા સુધી આ લાંબાગાળાના આયોજન મુજબના કામ પુરા કરી દેવામા આવશે.

### મનપાનો દાવોઃ 'ચોમાસું પૂરું થયા પછી પણ કાયમી ઉકેલ માટે લાંબાગાળાનું પ્લાનિંગ' જરૂરી

ચોમાસા દરમિયાન જનજીવન અને વાહનવ્યવહાર પર ઓછામાં ઓછી અસર થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છેઃ

- **ઓન-સ્પોટ સ્ટાફ :-** જાહેર કરાયેલા ૯૩ સ્થળો પર મનપાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નિયુક્ત એજન્સીના માણસો સતત હાજર રહેશે.
- **તાત્કાલિક પંપિંગ :-** જ્યાં પણ પાણી ભરાશે ત્યાં વોટર પંપ અને આધુનિક સાધનોની મદદથી યુદ્ધના ધોરણે પાણીનો નિકાલ કરાશે.
- **સંયુક્ત આયોજન :-** વોટર વર્ક્સ, ભૂગર્ભ ગટર અને બાંધકામ સહિતના તમામ સંબંધિત વિભાગોને કાયમી ઉપાય શોધવા માટે આદેશ અપાયા છે. ચાલુ ચોમાસું ભલે જતું રહે, પરંતુ આવતા ચોમાસા પહેલા આ લાંબાગાળાના આયોજન મુજબના તમામ કામો પૂરા કરી દેવાની ખાતરી તંત્રે આપી છે.

## ભાજપના જ દિલીપ લુણાગરીયાના સવાલથી બોર્ડની શરૂઆત થશેઃ કુલ ૧૬ સભ્યોના ૩૪ પ્રશ્નો સાથે રાજકારણ ગરમાયું

# મનપાનું જનરલ બોર્ડ તોફાની બનવાના એંધાણ

રાજકોટ, તા. ૧૦

આગામી તારીખ ૨૦ના રોજ મળનાર મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ ભારે તોફાની અને ચર્ચાસ્પદ રહેવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. આ વખતે બોર્ડ સમક્ષ રજૂ થયેલા પ્રશ્નો જોતા એવું લાગી રહ્યું છે કે વિપક્ષની સાથે-સાથે શાસક પક્ષના સભ્યો પણ તંત્રને ઘેરવાના મૂડમાં છે. બપોર સુધીમાં બંને પક્ષના કુલ ૧૬ સભ્યો તરફથી ૩૪ જેટલા તીખા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. આ બોર્ડ 'સમયમર્યાદા વગરનું' હોવાથી વિવિધ ગંભીર મુદ્દાઓ પર મોડી રાત સુધી ઊંડી અને આકરી ચર્ચાઓ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ હેઠળ કોર્પોરેશનને મળેલા અબજો રૂપિયાના પ્લોટોની વર્તમાન સ્થિતિ શું છે? કયા પ્લોટ ખુલ્લા પડ્યા છે અને કયા પ્લોટનો યોગ્ય વિકાસ થયો નથી, તે અંગે સત્તાધીશો પાસે જવાબ માંગવામાં આવશે. શહેરમાં વધી રહેલા ગેરકાયદેસર દબાણો અને તેને હટાવવામાં તંત્રની ઢીલી નીતિ અંગે સભ્યો આકરા પાણીએ જોવા મળશે. કાયમી દબાણો પાછળ કોના આશીર્વાદ છે, તે મુદ્દે પણ હોબાળો થઈ શકે છે. પાણી, રોડ-રસ્તા, અને સફાઈ જેવા પાયાના પ્રશ્નો અંગે પણ સભ્યોએ તંત્રને સવાલોના કઠેડામાં ઊભું કર્યું છે.

સૌથી રસપ્રદ વાત એ છે કે જનરલ બોર્ડની શરૂઆત જ શાસક પક્ષ ભાજપના સિનિયર કોર્પોરેટર દિલીપ લુણાગરીયાના પ્રશ્નથી થવાની છે. સ્વનિયત પક્ષના જ સભ્ય જ્યારે આક્રમક પ્રશ્ન પૂછશે, ત્યારે અધિકારીઓ માટે બચાવ કરવો મુશ્કેલ બનશે. વિપક્ષી સભ્યો પણ આ તકનો લાભ લઈ શાસકો અને અધિકારીશાહી પર આકરા પ્રહારો કરવા માટે સજ્જ થઈ ગયા છે. આ વખતે પ્રશ્નોની યાદી ઘણી લાંબી અને ગંભીર છે. સમયમર્યાદા વગરનું બોર્ડ હોવાથી એક-એક પ્રશ્ન પર વિસ્તૃત ચર્ચા થશે અને તંત્રએ શહેરીજનોના હિતમાં પારદર્શક જવાબો આપવા જ પડશે. આગામી ૨૦ તારીખનું આ જનરલ બોર્ડ માત્ર ઔપચારિક બનીને નહીં રહે, પરંતુ અધિકારીઓની કામગીરીની પોલ ખોલનારું અને રાજકીય ગરમાવો લાવનારું સાબિત થશે તેમાં કોઈ શંકા નથી. હવે જોવાનું એ રહે છે કે મનપાના પદાધિકારીઓ અને કમિશનર આ 'ધગધગતા' પ્રશ્નોનો સામનો કેવી રીતે કરે છે.

આવતું જનરલ બોર્ડ પણ ગરમાગરમ શરૂ થાય તેવું લાગી રહ્યું છે. કારણ કે વોર્ડ નં.પના નગરસેવક દિલીપ લુણાગરીયાએ પણ ટીપી વિભાગને લગતો પ્રશ્ન પૂછયો છે. રાજકોટ શહેરમાં મંજૂર થયેલ જુદી જુદી ટીપી સ્કીમોમાં જાહેર ઉપયોગ માટે અનામત રાખવામાં આવતી જમીનનો જે તે હેતુ શાળા, બગીચા, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનિટી હોલ માટે કેટલો વાસ્તવિકત ઉપયોગ થયો છે અને બાકીની જગ્યાનો ઉપયોગ કેટલા સમયમાં કરવામાં આવશે? શહેરના મુખ્ય રસ્તા વાઇડનીંગ (પહોળા) કરવા માટે મહાપાલિકા દ્વારા કયા કયા રસ્તાઓની પસંદગી કરવામાં આવી છે, છેલ્લા ત્રણ વર્ષમાં દરેક રસ્તા માટે કામ શરૂ કરવા માટેની સમયમર્યાદા શું છે, હાલમાં કેટલા રસ્તાઓનું જમીન સંપાદન બાકી છે અને ક્યારે પૂર્ણ થશે તેની માહિતી માંગવામાં આવી છે.

બીજા પ્રશ્નમાં એવી વિગત માંગી છે કે મનપાની માલિકીની કુલ જમીન, દુકાનો સહિતની મિલ્કતોની યાદી અને સ્થિતિ શું છે? દબાણ, ભાડે આપવા, વાર્ષિક આવકના આંકડા પુછયા છે. મનપાની માલિકીની તમામ જમીન, દુકાનો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ અને પાર્કિંગની જગ્યામાંથી કેટલી જગ્યાઓ પર ગેરકાયદેસર દબાણ છે? ઝોનવાઇઝ અને મિલ્કતવાઇઝ સ્થિતિ શું છે? છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દબાણ દુર કરવામાં આવ્યા અને હાલના બાકીના દબાણો દુર કરવા શું કાર્યવાહી ચાલી રહી છે તેની વિગતો પૂછવામાં આવી છે. આ રીતે આગામી બોર્ડમાં પહેલા પ્રશ્નની ચર્ચા જ ધગધગતી થાય તેવું લાગી રહ્યું છે.



**૨૦મીએ બોર્ડ બેઠક : ટીપી પ્લોટની સ્થિતિ અને દબાણના મુદ્દે શાસક પક્ષ અને અધિકારીઓ આવશે સામસામે**

### ગત જનરલ બોર્ડમાં ટીપીઓએ આપી'તી બાંહેધરી , લેખિતમાં ડાર્ક ઝોન શું છે તે અંગે અપાશે જવાબ જે હજુ સુધી નગરસેવકને નથી મળ્યો

જવાબ આપવામાં આટલું મોડું કેમ? સામાન્ય રીતે જનરલ બોર્ડમાં પૂછાયેલા પ્રશ્નોના સચોટ અને સમયસર જવાબો આપવાના હોય છે. પરંતુ 'ડાર્ક ઝોન' જેવા ગંભીર અને ટેકનિકલ મુદ્દે ખુદ નગરસેવકને અંધારામાં રાખવામાં આવતા તંત્રની મેલી મુરાદ સામે સવાલો ઉઠી રહ્યા છે. ગત જનરલ બોર્ડમાં શહેરના વિકાસ અને પ્લાનિંગને સ્પર્શતો 'ડાર્ક ઝોન'નો મુદ્દો ભારે ગાજ્યો હતો. જે-તે સમયે ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા આ અંગે વિસ્તૃત વિગતો સાથેનો લેખિત જવાબ આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ આ વાતને લાંબો સમય વીતી ગયો હોવા છતાં, સંબંધિત નગરસેવકને હજી સુધી આ અંગે કોઈ લેખિત સ્પષ્ટતા મળી નથી. લોકપ્રતિનિધિઓ દ્વારા ગૃહમાં પ્રજાના હિત માટે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે, પરંતુ અધિકારીઓ માત્ર આશ્વાસનો આપીને ફાઈલો દબાવી દેતા હોવાનું ચિત્ર ફરી એકવાર ઉપસી આવ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે, શું તંત્ર પોતે જ 'ડાર્ક ઝોન'ની વ્યાખ્યા છુપાવવા માંગે છે?